અમદાવાદથી પ્રકાશિત થતું ગુજરાતી દૈનિક

# ચેનલ નાઈન નેટવર્ક ગુજરાત

તારીખ : ૧૧ ઓગસ્ટ ૨૦૨૪, રવિવાર | વર્ષ : ૧૬ | તંત્રી : પટેલ સુરેશ રમણલાલ | કિંમત : રૂા. ૨.૦૦
વિક્રમ સંવત ૨૦૮૦, શ્રાવણ સુદ ૭ | અંક : ૪૩ | અમદાવાદ | પાના : ૮

ઓફિસ : ૩૧૫, સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રોડ, વસ્ત્રાપુર, અમદાવાદ - ૩૮૦ ૦૧૫. ટેલિફોન : ૦૭૯-૨૬૭૬૫૭૩૩ e-mail : cnngujarat@yahoo.com, cnngujarat@gmail.com RNI Reg. No. GUJGUJ/2009/28886

## ન્યૂઝ બ્રિફ

### પગપાળા મોદીએ વાયનાડમાં રેસ્ક્યુ ઓપરેશનનું કર્યું નિરીક્ષણ



। (એજન્સી) વાયનાડ, તા.૧૦ ।

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી શનિવારે કેરળના ભૂસ્ખલનથી પ્રભાવિત વાયનાડ જિલ્લામાં પહોંચ્યા હતા અને આપત્તિથી થયેલા નુકસાનનું મૂલ્યાંકન કરવા માટે ચુરામાલામાં પગપાળા ચાલીને ગયા હતા. અધિકારીઓએ જણાવ્યું કે પીએમ મોદી વાયુસેનાના હેલિકોપ્ટર દ્વારા કન્નુર એરપોર્ટથી વાયનાડ પહોંચ્યા અને ૩૦ જુલાઈના રોજ ભૂસ્ખલનની ઘટનાઓથી પ્રભાવિત ચૂરમાલા વિસ્તારમાં પગપાળા નુકસાનની સમીક્ષા કરી. અગાઉ, પ્રધાનમંત્રીએ ભારતીય વાયુસેનાના હેલિકોપ્ટરથી ભૂસ્ખલનથી પ્રભાવિત ચુરલમાલા, મુંડક્કાઈ અને પુંચીરીમટ્ટમનું હવાઈ સર્વેક્ષણ કર્યું હતું. અધિકારીઓના જણાવ્યા અનુસાર, હવાઈ સર્વેક્ષણ પછી, પીએમ મોદીનું હેલિકોપ્ટર કલપેટ્ટાના એસકેએમજે વિદ્યાલયમાં ઉતર્યું, જ્યાંથી તેઓ રોડ માર્ગે ચુરલમાલા માટે રવાના થયા. ચુરલમાલામાં, સેનાએ આપત્તિ પછી રાહત અને બચાવ કામગીરીમાં મદદ કરવા માટે ૧૯૦ ફૂટ લાંબો બેલી બ્રિજ બનાવ્યો છે. પીએમ મોદીએ નુકસાનનો હિસાબ લેતા આ પુલ પરથી પગપાળા પસાર થયા હતા. અધિકારીઓના જણાવ્યા અનુસાર, ચુરલમાલા પહોંચ્યા પછી, પીએમ મોદી તેમના વાહનમાંથી નીચે ઉતર્યા, બચાવ કાર્યકર્તાઓ, રાજ્યના મુખ્ય સચિવ વી વેણુ અને જિલ્લા અધિકારીઓ સાથે વાત કરી.

## પોલીસે CCTVની મદદથી નરાધમને પકડ્યો

# પ.બંગાળમાં બર્બરતા, ટ્રેઈની ડોક્ટર પર દુષ્કર્મ બાદ હત્યા

**કોલકાતામાં RG કાર મેડિકલ કોલેજ અને હોસ્પિટલમાં મહિલા ડોક્ટરનો મૃતદેહ અર્ધ-નગ્ન હાલતમાં મળી આવતાં ખળભળાટ : પિતાએ પણ ગંભીર આક્ષેપો કર્યા**

। (એજન્સી) કોલકત્તા, તા.૧૦ ।

પશ્ચિમ બંગાળના કોલકાતામાં રાજ્ય સરકાર સંચાલિત ઈર કાર મેડિકલ કોલેજ અને હોસ્પિટલમાં એક મહિલા ડૉક્ટરનો મૃતદેહ અર્ધ-નગ્ન હાલતમાં મળી આવતાં ખળભળાટ મચી ગયો છે. ત્યારબાદ રાજ્યમાં રાજકીય તાપમાનનો પારો પણ ચડ્યો છે. પોલીસ દ્વારા આ હત્યામાં સંડોવાયેલા એક આરોપીની ધરપકડ કરવામાં આવી છે. પોલીસે જણાવ્યું હતું કે, આરોપી વ્યક્તિ હોસ્પિટલ સાથે સંકળાયેલો ન હતો, પરંતુ તે તબીબી સંસ્થાના વિવિધ



વિભાગોમાં અવારનવાર આવતો હતો. પકડાયેલો આરોપી બહારનો છે. તેની શંકાસ્પદ ગતિવિધિઓ દર્શાવે છે કે તે આ ઘટનામાં સામેલ હતો. બીજી તરફ, આરોપીઓની ધરપકડ અને કડક સજાની માંગ સાથે મેડિકલ કોલેજના સ્ટાફ અને વિદ્યાર્થીઓ રસ્તા પર ઉતરી આવ્યા છે. ભારતીય જનતા પાર્ટીનું કહેવું છે કે, મહિલા ડૉક્ટર પર દુષ્કર્મ અને હત્યા કરવામાં આવી હતી. મહત્ત્વપૂર્ણ છે કે, હોસ્પિટલના સેમિનાર હોલમાં મહિલા ડૉક્ટરનો મૃતદેહ મળી આવ્યો હતો. પોલીસે જણાવ્યું હતું કે, મૃતદેહના પ્રાઈવેટ પાર્ટમાંથી લોહી વહી રહ્યું હતું. બીજી તરફ પોલીસે આ કેસમાં આત્મહત્યાની શક્યતાને નકારી કાઢી છે. એક પોલીસ અધિકારીએ કહ્યું છે કે, આ ચોક્કસપણે આત્મહત્યાનો કેસ નથી. મહિલા ડૉક્ટરની યૌન ઉત્પીડન બાદ હત્યા કરવામાં આવી હતી. પોલીસના પ્રાથમિક તપાસ રિપોર્ટ મુજબ, પીડિતાના પ્રાઈવેટ પાર્ટમાંથી લોહી નીકળતું હતું અને તેના શરીરના અન્ય ભાગો પર પણ ઈજાના નિશાન હતા. પીડિતાની આંખો અને મોં બંનેમાંથી લોહી વહી રહ્યું હતું. ચહેરા અને નખ પર ઈજાના નિશાન હતા. પીડિતાના પ્રાઈવેટ પાર્ટમાંથી પણ લોહી નીકળતું હતું. તેના પેટ, ડાબા પગ, ગરદન, જમણા હાથ, રિંગ ફિંગર અને હોઠ પર ઈજાના નિશાન હતા.

## જરૂર પડશે તો ફાંસીના માચડે લટકાવી દઈશું : મમતા

# ડોક્ટર ઉપર દુષ્કર્મ બાદ હત્યા મામલે મમતા બેનરજી લાલઘૂમ

### મમતા બેનર્જીએ આ ઘટનાને ખૂબ જ દુર્ભાગ્યપૂર્ણ ગણાવી



। (એજન્સી) કોલકાતા, તા.૧૦ ।

પશ્ચિમ બંગાળમાં કોલકાતાના આરજી કર મેડિકલ કોલેજમાં એક ટ્રેઈની ડોક્ટર સાથે થયેલી બર્બરતાએ આખા દેશનો હચમચાવી મૂક્યો છે. મહિલા ડોક્ટરની દુષ્કર્મ બાદ ક્રૂરતા પૂર્વક હત્યા કરી નાખવામાં આવી હતી. હવે આ મામલે પશ્ચિમ બંગાળના મુખ્યમંત્રી મમતા બેનર્જી લાલઘૂમ થયા છે. તેમણે કહ્યું કે, જરૂર પડશે તો હત્યાના આરોપીઓને ફાંસીના માચડે લટકાવી દઈશું.

શુક્રવારે કોલકાતાની સરકારી હોસ્પિટલમાં ફરજ પર તેહનાત પીજીટી ડોક્ટરનો મૃતદેહ અર્ધ નગ્ન હાલતમાં મળી આવ્યો હતો. મહિલા તબીબ હોસ્પિટલના છાતીના રોગની સારવાર વિભાગની બીજા વર્ષની વિદ્યાર્થીની હતી. હોસ્પિટલના સૂત્રોએ જણાવ્યું કે, ડોક્ટરના શરીર પર ઈજાના નિશાન જોવા મળ્યા છે. મહિલા તબીબના પિતાએ આરોપ લગાવ્યો કે, હોસ્પિટલમાં મારી દીકરી સાથે દુષ્કર્મ આચરી તેની હત્યા કરી નાખવામાં આવી છે. તેમણે કહ્યું કે હવે સત્ય છુપાવવાના પ્રયાસો કરવામાં આવી રહ્યા છે. પોલીસે જણાવ્યું કે પ્રાથમિક પોસ્ટમોર્ટમ રિપોર્ટમાં એ વાતની પુષ્ટિ થઈ છે કે મહિલા ડોક્ટરની હત્યા કરતા પહેલા તેની સાથે દુષ્કર્મ કરવામાં આવ્યું હતું. સીએમ મમતા બેનર્જીએ આ ઘટનાને ખૂબ જ દુર્ભાગ્યપૂર્ણ ગણાવી છે. તેમણે દાવો કર્યો કે હત્યાના આરોપીઓની ધરપકડ કરવામાં આવી છે. મુખ્યમંત્રીએ કહ્યું કે, મેં ટ્રેઈની ડોક્ટરના પરિવારજનો સાથે વાત કરી છે. તેમને આશ્વાસન પણ આપ્યું છે કે, આ મામલે કોઈ બેદરકારી દાખવવામાં નહીં આવશે. ડોક્ટરનું મૃત્યુ મને અંગત નુકસાન લાગે છે. ડોકટરોના ગુસ્સા અને તેમની માંગણીઓને સંતોષવામાં આવશે. હું તેમને સંપૂર્ણ સમર્થન આપું છું. પોલીસે તેમની માંગણીઓ પણ સ્વીકારી લીધી છે. મુખ્યમંત્રીએ કહ્યું કે મેં આ કેસને ફાસ્ટ ટ્રેક કોર્ટમાં લઈ જવાનો આદેશ આપ્યો છે. જરૂર પડશે તો દોષિતોને ફાંસીના માચડે લટકાવી દઈશું. આ મામલે પોલીસે એક વ્યક્તિની ધરપકડ કરી લીધી છે. એક વરિષ્ઠ અધિકારીએ શનિવારે આ માહિતી આપી હતી. અધિકારીએ કહ્યું કે આરોપી વ્યક્તિ હોસ્પિટલ સાથે સંકળાયેલો નથી પરંતુ તે તબીબી સંસ્થાના વિવિધ વિભાગોમાં અવારનવાર આવતો હતો. પોલીસ અધિકારીએ જણાવ્યું કે, અમે એક વ્યક્તિની ધરપકડ કરી છે જે બહારનો છે. તેની શંકાસ્પદ ગતિવિધિઓ દર્શાવે છે કે તે ગુનામાં સામેલ હતો. તેમણે જણાવ્યું કે, પીજીટી મહિલા ડોક્ટરના મૃત્યુની તપાસના સંદર્ભમાં પોલીસે શુક્રવારે રાત્રે બે ઈન્ટર્ન ડોક્ટરોની પણ પૂછપરછ કરી હતી. અધિકારીએ કહ્યું કે આરોપી વ્યક્તિ હોસ્પિટલ સાથે સંકળાયેલો નથી પરંતુ તે તબીબી સંસ્થાના વિવિધ વિભાગોમાં અવારનવાર આવતો હતો. પોલીસ અધિકારીએ જણાવ્યું કે, અમે એક વ્યક્તિની ધરપકડ કરી છે જે બહારનો છે. તેની શંકાસ્પદ ગતિવિધિઓ દર્શાવે છે કે તે ગુનામાં સામેલ હતો. તેમણે જણાવ્યું કે, પીજીટી મહિલા ડોક્ટરના મૃત્યુની તપાસના સંદર્ભમાં પોલીસે શુક્રવારે રાત્રે બે ઈન્ટર્ન ડોક્ટરોની પણ પૂછપરછ કરી હતી.

## ‘રેવ પાર્ટી’માં અચાનક પહોંચી પોલીસ

# નોઈડાની સોસાયટીમાં રાત્રે ચાલતી હતી ‘રેવ પાર્ટી’

। (એજન્સી) નોઈડા, તા.૧૦ ।

રાષ્ટ્રીય રાજધાની દિલ્હીને અડીને આવેલા નોઈડામાં એક રહેણાંક સોસાયટીના ફ્લેટમાં પોલીસે દરોડા પાડીને ૩૯ યુવક-યુવતીઓની અટકાયત કરી છે. ફ્લેટમાં રાત્રે કથિત રીતે રેવ પાર્ટી ચાલી રહી હતી. પોલીસના દરોડામાં ઝડપાયેલા તમામ લોકો જાણીતી યુનિવર્સિટીના વિદ્યાર્થીઓ છે. પોલીસે સ્થળ પરથી મોટી સંખ્યામાં હરિયાણા લેબલ દારૂની બોટલો અને હુક્કા જપ્ત કર્યા છે. નોઈડા પોલીસના એક અધિકારીના જણાવ્યા અનુસાર, શુક્રવારે રાત્રે પોલીસને માહિતી મળી હતી કે નોઈડાના સેક્ટર-૯૪ સ્થિત સુપરનોવા સોસાયટીના એક ફ્લેટમાં ઘણા લોકો રેવ પાર્ટી કરી રહ્યા છે. પોલીસે મધરાતે ફ્લેટ પર દરોડો પાડ્યો હતો. પોલીસે સ્થળ પરથી ૩૯ યુવક-યુવતીઓની અટકાયત કરી હતી. પૂછપરછ દરમિયાન જાણવા મળ્યું હતું કે પાર્ટીમાં ભાગ લેનાર તમામ યુવક-યુવતીઓ એક જાણીતી યુનિવર્સિટીના વિદ્યાર્થીઓ હતા. નોઈડા પોલીસે જણાવ્યું કે શુક્રવારે રાત્રે સેક્ટર ૯૪ સ્થિત સુપરનોવા સોસાયટીના ફ્લેટમાં પાર્ટી કરતા ઝડપાયેલા વિદ્યાર્થીઓની ઉંમર ૧૬ થી ૨૦ વર્ષની વચ્ચે છે. ફ્લેટમાંથી હરિયાણા લેબલવાળી દારૂની બોટલો મળી આવી છે. પોલીસને સ્થળ પરથી હુક્કા પણ મળી આવ્યા હતા. જ્યારે પોલીસે ફ્લેટ પર દરોડો પાડ્યો ત્યારે તમામ વિદ્યાર્થીઓ કથિત રીતે રેવ પાર્ટી કરી રહ્યા હતા. પોલીસે તમામની અટકાયત કરી છે.

## ૧૦૦થી વધુ પેલેસ્ટિની નાગરિકો માર્યા ગયા

# ઈઝરાયલ દ્વારા ગાઝામાં કરાયેલી એરસ્ટ્રાઈકમાં ૧૦૦થી વધુના મોત

। (એજન્સી) ગાઝા, તા.૧૦ ।

ઈરાન સાથે વધતી જતી તંગદિલી વચ્ચે ઈઝરાયલે ગાઝામાં તેનું આક્રમણ ચાલુ રાખ્યું છે. ઈઝરાયલ દ્વારા ગાઝામાં સતત બોમ્બમારા અને એરસ્ટ્રાઈક કરવામાં આવી રહી છે. આ દરમિયાન તાજેતરના અહેવાલ મુજબ આજે ઈઝરાયલે ગાઝામાં કરેલી એરસ્ટ્રાઈકમાં ૧૦૦થી વધુ પેલેસ્ટિની નાગરિકો માર્યા ગયાના અહેવાલ સામે આવ્યા છે. એક એજન્સીના અહેવાલમાં આ દાવો કરાયો હતો. પૂર્વ ગાઝામાં વિસ્થાપિત લોકો જે સ્કૂલમાં આશરો લઈ રહ્યા હતા તેને જ ઈઝરાયલે નિશાન બનાવી હતી. આ હુમલામાં ૧૦૦થી વધુ નિર્દોષ નાગરિકો માર્યા ગયાનો દાવો કરવામાં આવી રહ્યો છે. જોકે ઘાયલો પણ મોટી સંખ્યામાં હોવાની આશંકા છે. આ હુમલો ત્યારે થયો જ્યારે લોકો નમાઝ પઢી રહ્યા હતા. હમાસ દ્વારા સંચાલિત કાર્યાલય વતી જણાવાયું હતું કે આ હુમલો ત્યારે થયો હતો ત્યારે નાગરિકો સવારની નમાઝ પઢી રહ્યા હતા. તે સમયે જ ઈઝરાયલે ક્રૂરતાપૂર્વક વિસ્થાપિત નાગરિકોને નિશાન બનાવ્યા હતા જેના કારણે મોટી સંખ્યામાં નાગરિકોની જાનહાનિ થઈ હતી. તે સમયે જ ઈઝરાયલે ક્રૂરતાપૂર્વક વિસ્થાપિત નાગરિકોને નિશાન બનાવ્યા હતા જેના કારણે મોટી સંખ્યામાં નાગરિકોની જાનહાનિ થઈ હતી.

## TRP અગ્નિકાંડ બાદ વહીવટી તંત્રએ કડક નિયમો

# રાજકોટમાં મેળાની SOPને કારણે રાઈડ સંચાલકોમાં નારાજગી યથાવત

। (એજન્સી) રાજકોટ , તા.૧૦ ।

રાજકોટમાં દર વર્ષે સૌરાષ્ટ્રનો સૌથી મોટો લોકમેળો યોજાય છે. જેમાં લાખો લોકો મેળાની મજા માણે છે. આ લોકમેળાને લઈને સૌથી મોટા સમાચાર સામે આવ્યા છે.મેળામાં રાઈડ સંચાલકો ભાગ લેશે કે નહીં તે અંગે હજુ પણ અવઢવ છે. મેળાની જીંને કારણે રાઈડ સંચાલકોમાં નારાજગી યથાવત છે. રાઈડ સંચાલકો હરાજીથી અળગા રહ્યાં હતા. જિલ્લા કલેકટરે રાઈડ સંચાલકોને અંતિમ મુદત આપી છે. મેળા માટે ૧૨ ઓગસ્ટના રોજ સાંજે ૪ વાગ્યે હરાજી થવાની છે. મેળામાં યાંત્રિક રાઈડ્સ હશે કે નહીં તે અંગે સોમવારે નિર્ણય લેવામાં આવ્યો છે. ઈ અગ્નિકાંડ બાદ વહીવટી તંત્રએ કડક નિયમો કર્યા છે. રાઈડ સંચાલકોએ આ નિયમોમાં છૂટ આપવાની માગણી કરી છે. મેળામાં યાંત્રિક રાઈડ્સ હશે કે નહીં તે અંગે સોમવારે નિર્ણય લેવામાં આવ્યો છે. ઈ અગ્નિકાંડ બાદ વહીવટી તંત્રએ કડક નિયમો કર્યા છે. રાઈડ સંચાલકોએ આ નિયમોમાં છૂટ આપવાની માગણી કરી છે.

## ચીને ૬ ઓગસ્ટે લૉંગ માર્ચ ૬છ રોકેટ લોન્ચ કર્યું હતું, તે રોકેટનો ઉપરનો ભાગ અવકાશમાં તૂટી ગયો હતો અને તેનો કચરો અવકાશમાં ફેલાયો

# કોરોના બાદ ચીન લાવ્યું દુનિયા માટે હવે મહાભયંકર ખતરો

। (એજન્સી) બેઈજીંગ, તા.૧૦ ।

ચીનની વિસ્તરણવાદી વિચારસરણીથી સૌ વાકેફ છે. પરંતુ વિશ્વમાં કોરોના વાયરસ ફેલાવવા માટે જવાબદાર ચીને જગ્યા પણ છોડી નથી. તમે વિચારતા હશો કે ચીને હવે અવકાશમાં શું કર્યું છે. તો ચાલો તમને જણાવીએ. અહીં આપણે ચીનના ‘કચરાના કોરોના’ વિશે વાત કરી રહ્યા છીએ. આ વાંચીને તમે પૂછશો કે ગાર્બેજ કોરોના શું છે. જે રીતે ચીને આખી દુનિયામાં કોરોના ફેલાવ્યો હતો તે જ રીતે ચીન અવકાશમાં કચરો ફેલાવી રહ્યું છે. અવકાશમાંથી કેટલીક તસવીરો સામે આવી છે, જેમાં આપણી પૃથ્વીની આસપાસ



મધમાખીની જેમ ફરતા જોવા મળેલા કેટલાક બિંદુઓ વાસ્તવમાં રોકેટ અને ઉપગ્રહોના ભાગો છે, જે અવકાશમાં ફરતા હોય છે. અવકાશમાં ઉપગ્રહોના એટલા બધા ભાગો તરતા છે કે તેમની ગણતરી કરવી અશક્ય છે અને આમાં ચીને સૌથી મોટો ફાળો આપ્યો છે. ચીને તેનો ઈન્ટરનેટ ઉપગ્રહ ૬ ઓગસ્ટ ૨૦૨૪ ના રોજ લૉંગ માર્ચ ૬છ રોકેટ સાથે લોન્ચ કર્યો હતો. ચીને એક સાથે ૧૮ સેટેલાઈટ લોન્ચ કર્યા હતા. ચીનનો ઉદ્દેશ્ય એલોન મસ્કના સ્ટારલિંક ઉપગ્રહો સાથે સ્પર્ધા કરવાનો હતો. પરંતુ ચીનના આ કૃત્યથી સમગ્ર વિશ્વમાં હલચલ મચી ગઈ હતી. કારણ કે ચીને જે રોકેટ વડે ઉપગ્રહો મોકલ્યા હતા તે અવકાશમાં જતાની સાથે જ કચરો બની ગયો હતો. હવે સમજો કે શું થયું છે. ચીનના રોકેટના ટુકડા પૃથ્વીની નીચેની ભ્રમણકક્ષામાં એટલે કે લોઅર અર્થ ઓર્બિટમાં ફેલાયેલા છે.



# AMC એ શોપિંગ સેન્ટર બનાવવા કામ શરૂ કરાયું, ૧૫ વર્ષથી વસવાટ કરતા ૯૫ પરિવારોના ઝુંપડા તૂટ્યા

## સરકારી રોકડા તળાવ ખાતે અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનનું નવું શોપિંગ સેન્ટર બનવા જઈ રહ્યું છે

। (માહિતી) અમદાવાદ, તા.૧૦ ।

અમદાવાદ શહેરના આનંદ નગર વિસ્તારના ટોરેન્ટ પાવર હાઉસ યોગી આશ્રમ પાસે આવેલું સરકારી રોકડા તળાવ ખાતે અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનનું નવું શોપિંગ સેન્ટર બનવા જઈ રહ્યું છે. જેની કામગીરી ચાલુ કરી દેવાઈ છે ક્યારે છેલ્લા ૧૫ વર્ષથી વધુ સમયથી આશરે ૯૫ થી વધુ પરિવાર ઝુપડા બાંધીને ત્યાં વસવાટ કરે છે.

ત્યારે કોર્પોરેશન નો પ્રોજેક્ટ બહાર પડતાં એસ્ટેટ ઓફિસર દ્વારા વસવાટ કરતા તમામ લોકોને નોટિસ પાઠવવામાં આવી હતી અને રહેઠાણના પુરાવા રજૂ કરાવવા માટે જાણ કરવામાં આવી હતી. અંતે પુરાવા રજૂ ન કરી શકાતા તમામ ૯૫ જેટલા ઝુપડાઓનું ડિમોલેશન કરી કામ શરૂ કરાયું હતું

રહેઠાણ અધિકાર મંચનાં સામાજિક સંશોધક બીના જાદવે એચડી ન્યુઝ સાથે વાતચીત કરતા જણાવ્યું હતું કે અમારું સંગઠન સમગ્ર અમદાવાદમાં રહેતા ગરીબ લોકો જેમની પાસે પોતાનું મકાન નથી, જે લોકો રોડ રસ્તા ઉપર વસવાટ કરે છે તેવા લોકોને બંધારણીય નિયમ મુજબ તમામ આધાર પુરાવા જેમ કે આધાર કાર્ડ, ચૂંટણીકાર્ડ જેવા દસ્તાવેજો તૈયાર કરી સરકાર દ્વારા લાગુ કરવામાં આવતી યોજનાઓનો લાભ તથા ગવર્મેન્ટ તરફથી મળતા આવાસો તેમજ શેલ્ટર હોમ્સ જેવી સુવિધાઓનાં લાભ અપાવવાનું કાર્ય કરવામાં આવે છે. ત્યારે રોકડા તળાવ ખાતે રહેતા ગરીબ લોકો વિશે તેમણે જણાવ્યું હતું કે ૨૦૦૯ અને ૧૦ ની સાલમાં આ તમામ પરિવારોના આધારકાર્ડ સહિતના પુરાવાઓ અમારા સંગઠન દ્વારા મદદ કરી બનાવડાવી આપ્યા છે. અને આજે પણ તેમના હક માટે તથા બંધારણીય નિયમ મુજબ ભારતીય નાગરિક હોવાને નાતે તેમને કોઈ વૈકલ્પિક વ્યવસ્થા સરકારે કરી આપવી જોઈએ. સરકારે ઉદારતા દાખવી સરકારી આવાસ યોજનાઓમાં તેમને મકાન આપવું જોઈએ જે મેળવવાનો અધિકાર ભારતના તમામ નાગરિકને છે. હાલ તો આ તમામ પરિવારોને કોઈ વૈકલ્પિક વ્યવસ્થા વગર જ અહીંયાથી હટાવી દેવામાં આવ્યા છે ત્યારે હવે આ લોકો બેઘર થઈને ક્યાં જશે એ સૌથી મોટો પ્રશ્ન છે!! રોકડા તળાવ ખાતે રહેતા મહિલાએ જણાવ્યું હતું કે હું વિધવા છું જિલ્લા ૧૫ વર્ષથી અહીંયા રહું છું. અગાઉ પણ ત્રણ ચાર વખત તોડી ગયા છે અને હાલ પણ તોડીને ગયા છે. ત્યારે મારી પાસે રોજગારીનું કોઈ સાધન નથી અમે મજૂરી કરીને માંડ માંડ પોતાનું પરિવાર ચલાવીએ છીએ. દિવસના ૨૦૦ થી વધુ નથી કમાઈ શકતા, ત્યારે જો સરકાર અમને રહેવાની કોઈ વૈકલ્પિક સુવિધા કરી આપે તો ઘણી બધી મદદ અમને થઈ જશે.જોકે અમદાવાદમાં દિવસેને દિવસે વધતી જતી ટ્રાફિક સમસ્યા નિવારવા માટે આ પ્રકારની સરકારી જમીન પર કોર્પોરેશન દ્વારા માર્કેટ બનાવવામાં આવી રહ્યા છે. તેમજ મ્યુનિસિપલ માર્કેટ રસ્તા ઉપરના દબાણ દૂર કરી સામાન્ય અને મધ્યમ વર્ગ પોતાનો વેપાર કરી શકે તે માટે આપવાનો છે. દિવસના ૨૦૦ થી વધુ નથી કમાઈ શકતા, ત્યારે જો સરકાર અમને રહેવાની કોઈ વૈકલ્પિક સુવિધા કરી આપે તો ઘણી બધી મદદ અમને થઈ જશે.જોકે અમદાવાદમાં દિવસેને દિવસે વધતી જતી ટ્રાફિક સમસ્યા નિવારવા માટે આ પ્રકારની સરકારી જમીન પર કોર્પોરેશન દ્વારા માર્કેટ બનાવવામાં આવી રહ્યા છે. તેમજ મ્યુનિસિપલ માર્કેટ રસ્તા ઉપરના દબાણ દૂર કરી સામાન્ય અને મધ્યમ વર્ગ પોતાનો વેપાર કરી શકે તે માટે આપવાનો છે.

### જ્ઞાનના મંદિરમાં જ ત્રણ ઘા ઝીંક્યા

# સ્કૂલમાં ગર્લફ્રેન્ડના મામલે સગીરો વચ્ચે લોહીયાળ જંગ

## ધોરણ ૧૨ સાયન્સના વિદ્યાર્થી ઉપર તેની સાથે ભણતા વિદ્યાર્થીએ ચપ્પુના ઘા ઝીંકી દેતા ચકચાર મચી છે

। (પ્રતિનિધી) સુરત, તા.૧૦ ।

શહેરમાં સતત ગુનાખોરી વધી રહી છે. ત્યારે સુરતના નાનપુરા સ્કૂલમાં એક વિચિત્ર અને રસપ્રદ કહી શકાય એવો કિસ્સો સામે આવ્યો છે. ધોરણ ૧૨ સાયન્સના વિદ્યાર્થી ઉપર તેની સાથે ભણતા વિદ્યાર્થીએ ચપ્પુના ઘા ઝીંકી દેતા ચકચાર મચી છે. ચાલુ રિસેસમાં બનેલી ઘટનામાં સ્કૂલ તંત્રની સાથે સાથે પોલીસ પણ દોડતી થઈ હતી. જણાવી દઈએ કે, ઈજાગ્રસ્ત વિદ્યાર્થીની તબિયત સારી હોવા સાથે અથવા પોલીસે ગુનો દાખલ કરી વધુ તપાસ શરૂ કરી છે. બનાવની વિગતો જોઈએ તો, સુરતના ડીંડોલી વિસ્તારમાં રહેતા પરિવાર ડેરી ચલાવી પોતાનું ગુજરાન ચલાવે છે સંતાનમાં એક દીકરો અને એક દીકરી છે ૧૭ વર્ષ દીકરો જે નાનપુરા સ્કૂલમાં ધોરણ ૧૨ સાયન્સમાં અભ્યાસ કરે છે. પુત્ર નિત્યક્રમ મુજબ સ્કૂલે ગયો હતો સવારે ૧૧ વાગ્યાના સ્કૂલ શિક્ષકે વિદ્યાર્થીના પિતાને કોલ કરીને સ્કૂલમાં તમારા દીકરાનો ઝઘડો થયો છે અને સામેની હોસ્પિટલમાં તેને દાખલ કરવામાં આવ્યો છે તેવું જણાવતા પરિવાર તાત્કાલિક સ્કૂલ ખાતે દોડી આવ્યું હતું. પરિવારે આવીને જોયું તો પુત્ર ઝેંમાં સારવાર લઈ રહ્યો હતો અને તેના માથાના ગળાના અને પગના ભાગે ગંભીર પહોંચી હતી. સ્કૂલના શિક્ષકો તથા અન્ય વિદ્યાર્થીઓને પૂછતા તેમને જણાવ્યું હતું કે, સ્કૂલમાં અભ્યાસ કરતો અન્ય એક વિદ્યાર્થી રિસેસ દરમિયાન નાસ્તા કરતા સમયે આવ્યો હતો અને તેના પર ઊપરા છાપરી ચપ્પુના ઘા જીકી દીધા હતા.સ્કૂલના ધોરણ ૧૨ માં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓએ ચપ્પુ મારવા પાછળનું કારણ જાણીને શાળાની સાથે પરિવાર પણ ચોંકી ઉઠ્યું હતું. ઘટનાની જાણ થતા અઠવા પોલીસ પણ ઘટના સ્થળે પહોંચી ગઈ હતી પ્રાથમિક તપાસમાં સામે આવ્યું હતું કે, હુમલો કરનાર વિદ્યાર્થીની ગર્લફ્રેન્ડનો વિવાદ સામે આવ્યો હતો. વિદ્યાર્થીની ગર્લફ્રેન્ડ બીજા છોકરા જોડે વાત કરતી હતી જેને લઈને હુમલો કરનાર વિદ્યાર્થી તું મારી ગર્લફ્રેન્ડ સાથે કેમ વાત કરે છે તેમ કહી આવેશમાં આવીને ચપ્પુ માર્યું હતું. જેને લઈને સમગ્ર વિસ્તારમાં ચકચાર મચી જવા પામી હતી.

## અમરેલીના રાજુલામાં ઢોરની અડફેટે આવતા અકસ્માત સર્જાયો

। (એજન્સી) અમરેલી, તા.૧૦ ।

રાજ્યમાં અકસ્માતની અવારનવાર બનતી હોય છે. ત્યારે આજે ફરી એક વાર અકસ્માતની ઘટના અમરેલીમાં બની છે. અમરેલીના રાજુલામાં ઢોરની અડફેટે આવતા અકસ્માત સર્જાયો છે. ઓવર સ્પીડથી આવતા બાઈક ચાલકે રસ્તા પર બેઠેલા ઢોરની અડફેટે આવ્યો હતો.

આ સમગ્ર ઘટના જાફરાબાદ રોડ પર બની હતી. અકસ્માતના ઝઝૂફ સામે આવ્યા છે. જો કે બાઈક સવાર ઢોરની અડફેટે આવતા તે ઈજાગ્રસ્ત થયો છે. જો કે તેને તાત્કાલિક સારવાર અર્થે હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો છે. બીજી તરફ આ અગાઉ પંચમહાલમાં કાર અને ડમ્પર વચ્ચે અકસ્માતમાં ૫ના મોત થયા છે. ગોધરાના ગોલ્લવ પાસે સર્જાયો જોરદાર અકસ્માત સર્જાયો છે. અકસ્માતમાં ઘટનાસ્થળે ૪ના મોત થયા હતા. જ્યારે સારવાર દરમિયાન ૧નું મોત થયુ છે. ઈજાગ્રસ્તોને ગોધરા બાદ અમદાવાદની હોસ્પિટલ ખસેડાયા હતા. જો કે અકસ્માતમાં કારનું કચ્ચરઘાણ નીકળ્યું છે જો કે બાઈક સવાર ઢોરની અડફેટે આવતા તે ઈજાગ્રસ્ત થયો છે. જો કે તેને તાત્કાલિક સારવાર અર્થે હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો છે. બીજી તરફ આ અગાઉ પંચમહાલમાં કાર અને ડમ્પર વચ્ચે અકસ્માતમાં ૫ના મોત થયા છે. ગોધરાના ગોલ્લવ પાસે સર્જાયો જોરદાર અકસ્માત સર્જાયો છે. અકસ્માતમાં ઘટનાસ્થળે ૪ના મોત થયા હતા. જ્યારે સારવાર દરમિયાન ૧નું મોત થયુ છે. ઈજાગ્રસ્તોને ગોધરા બાદ અમદાવાદની હોસ્પિટલ ખસેડાયા હતા. જો કે અકસ્માતમાં કારનું કચ્ચરઘાણ નીકળ્યું છે.

### આણંદથી અમેરિકાનું હવાલા કૌભાંડ સામે આવ્યું

# વૈભવી ગાડીઓમાં રોફ મારતા હિસ્ટ્રીશીટરો આખરે ઝડપાયા

## હાલ પપ્પુ રબારી અને વિશાલ ભરવાડને પોલીસે ઝડપી લીધા કરોડોના કાળા નાણાંની હેરફારનો પર્દાફાશ થવાની શક્યતા

। (એજન્સી) આણંદ, તા.૧૦ ।

આણંદથી અમેરિકાનું હવાલા કૌભાંડ સામે આવ્યું છે. અમેરિકામાં રહેતા લોકો પાસેથી પૈસા પડાવવાનું કૌભાંડ બહાર આવ્યું છે. આણંદથી સમગ્ર કૌભાંડનું સંચાલન થતું હતું. ડાર્ક વેબ થકી સિનિયર સિટીઝનોને ધમકાવીને ડોલર પડાવવામાં આવતા હતા. બાકરોલ અને વલાસણના બે લોકો પાસે કરોડ કરતા વધુ રકમનો ટોળકીએ હવાલો પડાવ્યો હતો. સમગ્ર કૌભાંડમાં ૯ શખ્સોની ટોળકી વિરુદ્ધ ફરિયાદ નોંધવામાં આવી છે. સમગ્ર કૌભાંડમાં પામોલનો કુખ્યાત જૈમીન ઉર્ફે પપ્પુ રબારી અને મિહિર નામનો શખ્સ મુખ્ય સૂત્રધાર હોવાની શંકા છે. સમગ્ર કૌભાંડમાં જૈમીન રબારી, મિહિર દેસાઈ, રિયાઝ અમદાવાદી, ધવલ ભુવજી, અજજુ તેમજ વિશાલ ભરવાડ, કરણ માછી, રિયાઝ તેમજ બે અન્ય શખ્સ સામેલ હતા. પોલીસે ૯ પૈકી બે શખ્સોની ધરપકડ કરી



હતી. સમગ્ર કૌભાંડ કેવી રીતે ચાલતું હતું તેનો પોલીસ પર્દાફાશ કરશે. હાલ પપ્પુ રબારી અને વિશાલ ભરવાડને જક્ષ પોલીસે ઝડપી લીધા છે. યુવાનોને કમિશન આપી પૈસાનું પિકપ ડ્રોપ કરાવતા હતા. આણંદ અમદાવાદના આંગડિયાનો પણ ઉલ્લેખ કરતા હતા. કરોડોના કાળા નાણાંની હેરાફેરીના ખુલાસા થવાની શકયતા છે. વૈભવી ગાડીઓમાં રોફ મારતા હિસ્ટ્રીશીટરો પોલીસ ઝડપમાં આવ્યા હતા. ઈન્ટરનેટ જગતમાં ડાર્ક વેબ એ એક એવો ગેટ છે જ્યાંથી કોઈપણ લૉકની ચાવી ખરીદી શકાય છે. ગુપ્ત માહિતી, લોકોની અંગત માહિતી અને ખતરનાક હથિયારોની ખરીદી પણ ડાર્ક વેબ દ્વારા કરવામાં આવે છે. લગભગ દરેક પ્રકારની ગુપ્ત માહિતી અને વ્યક્તિગત માહિતી આજે ઈન્ટરનેટ પર ઉપલબ્ધ છે, પરંતુ દરેક લોકો તેને આસાનીથી ઍક્સેસ કરી શકતા નથી. સુરક્ષાના સ્તરમાં છુપાયેલ ડેટાને ડાર્ક વેબની મદદથી એક્સેસ કરવામાં આવે છે, જેને હેક કરીને વેચવામાં આવે છે. ડાર્ક વેબ માટે એક ખાસ બ્રાઉઝરનો ઉપયોગ કરવામાં આવે છે, જેના કારણે તેનો ઉપયોગ ક્યારે અને કોણે કર્યો તે જાણી શકાયું નથી. નાણાંની લેવડદેવડ પણ બિટકૉઈન દ્વારા થાય છે. ડાર્ક વેબનો ઉપયોગ મોટાભાગે ગુનેગારો અથવા હેકરો દ્વારા કરવામાં આવે છે.

## ૬૧ ગામોને એલર્ટ કરવામાં આવ્યા, સરદાર સરોવર ડેમમાં પાણીની આવક વધી

। (એજન્સી) નર્મદા, તા.૧૦ ।

મધ્યપ્રદેશના ડેમોમાંથી પાણી છોડવાના કારણે સરદાર સરોવર ડેમમાં પાણીની આવક વધી છે. હાલ ડેમમાં ૪ લાખ ૨૨ હજાર ૩૮૫ ક્યુસેક પાણીની આવક થતાં ડેમની સપાટી ૧૩૨.૪૬ મીટરે પહોંચી છે. જેમાં છેલ્લા ૨૪ કલાકમાં ૧.૭૭ મીટર જેટલો વધારો થયો છે. જે બે દિવસમાં ૧૩૮.૬૮ મીટરે પહોંચે તેવી શક્યતા સેવાઈ રહી છે. ડેમ છલકાવાની સ્થિતિમાં હોવાથી આસપાસના ગામોને એલર્ટ આપવામાં આવ્યું છે.જ્યારે વહીવટી તંત્રએ મદદ માટે ૧૦૭૭ નંબર જાહેર કર્યો. લોકોને નદીમાં નહીં જવા પણ તંત્ર દ્વારા અપીલ કરવામાં આવી છે. મધ્યપ્રદેશના ઈન્દિરા સાગર, ઓમકારેશ્વર સહિતના તમામ ડેમો પાણીથી છલોછલ ભરાયેલા છે અને હજુ ઓમકારેશ્વરના ૧૮ દરવાજા અને ઈન્દિરા સાગર ડેમના ૧૨ દરવાજા ખોલવામાં આવ્યા છે જેમાંથી પાણી છોડાઈ રહ્યું છે. સૈંના ડેમોમાંથી કુલ ૪.૨૨ લાખ ક્યુસેક જેટલું પાણી છોડાઈ રહ્યું છે. જેના કારણે આજે સરદાર સરોવર નર્મદા ડેમ પર પાણીની આવક સતત વધવાના કારણે ડેમની જળ સપાટી છેલ્લા ૨૪ કલાકમાં ૧.૭૭ મીટર વધી છે અને દર કલાકે ૧૦થી ૧૫ સેમીનો વધારો નોંધાઈ રહ્યો છે. ડેમની જળ સપાટી ૧૩૨.૪૬ મીટર પહોંચતા હવે ડેમ ૬.૭૭ મીટર જ ખાલી રહ્યો છે. ડેમની જળ સપાટીમાં વધારો થતા સરદાર સરોવર નર્મદા નિગમનું આખું તંત્ર એલર્ટ થઈ ગયું છે. ડેમની વધતી જતી જળ સપાટી પર સતત મોનિટરીંગ કરવામાં આવી રહ્યું છે. પાણીનો સંગ્રહ થતાં ડેમમાં પાણીની સપાટી વૉર્નિંગ સ્ટેજ પર પહોંચી છે. ડેમમાં પાણીની સપાટીને વૉર્નિંગ સ્ટેજથી ઘટાડવા માટે રીવર બેડ પાવર હાઉસના (RBPH)ના તમામ ટર્બાઈનો ચાલુ કરી દેવામાં આવ્યા છે અને જેના થકી ૫૭ હજાર ૨૨૧ ક્યુસેક પાણીને નર્મદા નદીમાં છોડવામાં આવી રહ્યું છે. વડોદરા જિલ્લાના ૩૬ ગામોના નાગરિકોને જ્યારે નર્મદા જિલ્લાના ૨૫ ગામોને જિલ્લા વહીવટી તંત્ર દ્વારા સચેત રહેવા સૂચના આપવામાં આવી છે. નદીઓમાં પાણી ઉફાન ઉપર હોય ત્યારે તેને પાર કરવાનું દુ:સાહસ ના કરવા નાગરિકોને અપીલ કરવામાં આવી છે. આસપાસના ગ્રામજનોએ પૂરની બાબતે સાવચેતી રાખવા બાબતે જિલ્લા વહીવટી તંત્ર દ્વારા અપીલ કરવામાં આવી છે.

# પાકિસ્તાનમાં ફરી આતંકી હુમલો, ૭ સુરક્ષાકર્મીઓના મોત

। (એજન્સી) ઈસ્લામાબાદ, તા.૧૦ ।

હાફિઝ ગુલ બહાદર જૂથ, જેણે ફેબ્રુઆરીમાં તહરીક-એ-તાલિબાન પાકિસ્તાન (TTP) સાથે જોડાણ કર્યું હતું, જે તારિક ગાયદાર જૂથ તરીકે પણ ઓળખાય છે, તેણે સોશિયલ મીડિયા પોસ્ટમાં હુમલાની જવાબદારી સ્વીકારી હતી. પાકિસ્તાની તાલિબાન સાથે જોડાયેલા આતંકવાદીઓએ શુક્રવારે પાકિસ્તાનના અશાંત ખૈબર પખ્તુનખ્વા પ્રાંતમાં એક સુરક્ષા ચોકી પર હુમલો કર્યો હતો. આ હુમલામાં ઓછામાં ઓછા સાત પાકિસ્તાની સુરક્ષાકર્મીઓ માર્યા ગયા અને ૧૧ અન્ય ઘાયલ થયા. અધિકારીઓએ જણાવ્યું કે આ હુમલો પાકિસ્તાન-અફઘાનિસ્તાન સરહદ પર સ્થિત તિરાહ ઘાટીમાં થયો હતો. હાફિઝ ગુલ બહાદર જૂથ, જેણે ફેબ્રુઆરીમાં તહરીક-એ-તાલિબાન પાકિસ્તાન (TTP) સાથે જોડાણ કર્યું હતું, જે તારિક ગાયદાર જૂથ તરીકે પણ ઓળખાય છે, તેણે સોશિયલ મીડિયા પોસ્ટમાં હુમલાની જવાબદારી સ્વીકારી હતી.અધિકારીઓના જણાવ્યા અનુસાર, આતંકવાદીઓએ ઔરકઝઈ સ્કાઉટ્સ ચેકપોસ્ટને કબજે કરવાના પ્રયાસમાં હુમલો કર્યો અને બાદમાં તેને આગ લગાવી દીધી. તેમણે કહ્યું કે આતંકીઓએ હુમલામાં વિસ્ફોટકો અને રોકેટથી ચાલતા ગ્રેનેડનો ઉપયોગ કર્યો હતો.તમને જણાવી દઈએ કે ગયા મહિને ખૈબર પખ્તુનખ્વામાt PAK આર્મી અને આતંકવાદીઓ વચ્ચે એન્કાઉન્ટર થયું હતું. આ અથડામણમાં ૮ જવાનો અને ૧૦ આતંકવાદીઓ શહીદ થયા હતા. ખૈબર પખ્તુનખ્વા પ્રાંતમાં એક મોટી સૈન્ય છાવણી પર ૧૦ આતંકવાદીઓના જૂથે આ હુમલો કર્યો હતો. આતંકવાદીઓના આ પ્રયાસમાં વિસ્ફોટકોથી ભરેલું વાહન આર્મી કેન્ટોનમેન્ટની દિવાલ સાથે અથડાયું હતું. જેના કારણે દિવાલનો એક ભાગ ધરાશાયી થયો હતો અને આસપાસના ઈન્ફ્રાસ્ટ્રક્ચરને નુકસાન થયું હતું.

# યુએનએ કહ્યું, 'અમે વંશીય હુમલાની વિરુદ્ધ છીએ'

। (એજન્સી) નવી દિલ્હી, તા.૧૦ ।

બાંગ્લાદેશમાં લઘુમતી હિન્દુ સમુદાય સામેની હિંસા વચ્ચે, યુએન સેક્રેટરી-જનરલ એન્ટોનિયો ગુટેરેસના પ્રવક્તાએ કહ્યું કે તેઓ વંશીય આધાર પર કોઈપણ હુમલા અથવા હિંસા વિરુદ્ધ છે. સેક્રેટરી-જનરલના ડેપ્યુટી પ્રવક્તા ફરહાન હકે ગુરુવારે કહ્યું: 'અમે સ્પષ્ટ છીએ, અમે ખાતરી કરવા માંગીએ છીએ કે બાંગ્લાદેશમાં તાજેતરના અઠવાડિયામાં જે હિંસા થઈ છે તેને કાબૂમાં લેવામાં આવે. ચોક્કસપણે, અમે વંશીય આધાર પર કોઈપણ વંશીય હુમલો અથવા હિંસા ઉશ્કેરવાની વિરુદ્ધ છીએ.તેઓ બાંગ્લાદેશમાં હિંદુઓ અને અન્ય લઘુમતીઓ પર હુમલાઓ અંગે મહાસચિવની પ્રતિક્રિયા અંગેના પ્રશ્નનો જવાબ આપી રહ્યા હતા. બાંગ્લાદેશમાં હિંસા ફાટી નીકળ્યા બાદ ઘણા હિંદુ મંદિરો, ઘરો અને વ્યવસાયોને નિશાન બનાવવામાં આવ્યા છે.બાંગ્લાદેશના પૂર્વ વડાપ્રધાન શેખ હસીનાની અવામી લીગ પાર્ટી સાથે જોડાયેલા ઓછામાં ઓછા બે હિન્દુ નેતાઓ હિંસામાં માર્યા ગયા છે. ગત સોમવારે બાંગ્લાદેશમાં અનામત વિરોધી આંદોલન હિંસામાં ફેરવાઈ ગયું હતું, જે બાદ શેખ હસીનાએ પીએમ પદ પરથી રાજીનામું આપીને દેશ છોડીને ભાગી જવું પડ્યું હતું.હસીનાએ દેશ છોડ્યા બાદ બાંગ્લાદેશમાં મીડિયા રિપોર્ટમાં લઘુમતીઓ વિરુદ્ધ હિંસાના ઘણા મામલા સામે આવ્યા છે. આમાં સોમવારે લોકપ્રિય લોક બેન્ડ જોલર ગાનના વડા રાહુલ આનંદના ઘરે મોટા પાયે તોડફોડનો પણ સમાવેશ થાય છે.

# ૨૦૨૦ની વસ્તી ગણતરી અનુસાર ગીરમાં ૬૭૪ જેટલા સિંહ નોંધાયા

। (એજન્સી) ગાંધીનગર, તા.૧૦ ।

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલની અધ્યક્ષતામાં 'વિશ્વ સિંહ દિવસ'ની ભવ્ય ઉજવણી સાસણ-ગીર ખાતે આવેલા કમ્યુનિકેશન સેન્ટર ખાતે કરવામાં આવી હતી. પ્રાણી અને પ્રકૃતિ સાચવવાની આપણા સૌની સંયુક્ત જવાબદારી છે. વનકેસરી કુદરતી રીતે વિહરે, વિચરે અને વિકસે તે માટેના પ્રયત્નો જ સિંહ દિવસની સાચી ઉજવણી છે. દર વર્ષે 'વિશ્વ સિંહ દિવસ'ની ઉજવણી એ ફક્ત ઉજવણી ન બની રહેતાં, પ્રાણીમાત્ર પ્રત્યેની અનુકંપા બને અને પ્રાણીમાત્રનું રક્ષણ થાય તેવો ભાવ જનજનમાં જાગે એ જ તેની સાચી ઉજવણી છે એમ મુખ્યમંત્રીએ કહ્યું હતું. મુખ્યમંત્રીએ જણાવ્યું હતું કે, આપણા જીવન વ્યવહારમાં પણ દરેક જીવ માટે પરોપકાર અને 'જીવો અને જીવવા દો'ની ભાવના વણાયેલી છે.જેમ આપણે જીવીએ છીએ તેમ પ્રાણીઓ કેવી રીતે કુદરતી રીતે શાંતિથી જીવી શકે, ઉછરી શકે અને મુક્તપણે વિહરી શકે તેવો આપણો ધ્યેય હોવો જોઈએ. ગીરમાં વસતા માલધારીઓ અને જંગલ તથા તેની આસપાસમાં વસતા લોકોએ પરસ્પરના સહઅસ્તિત્વથી વર્ષોથી ગરવા ગુજરાતનું ગૌરવ એવા સિંહનું જતન અને સંરક્ષણ કર્યું છે, જેના કારણે જ આજે પ્રતિ વર્ષ સિંહોની વસતી વધી છે. વિશ્વ સિંહ દિવસ' જેવાં દિવસની ઉજવણી વર્ષમાં ભલે એકવાર કરવામાં આવે છે પરંતુ આવા કાર્યક્રમમાં આવવાથી વિદ્યાર્થીઓને પ્રકૃતિના જતન-સંવર્ધનની એક શીખ પણ મળશે તો આ પ્રકૃતિના રક્ષણ માટેનું મોટું કદમ લેખાશે.

## વિશેષ

### જયશંકર માલદીવ સાથે દ્વિપક્ષીય સંબંધો ફરી સ્થાપિત કરવા માટે ત્રણ દિવસની ઓફિશિયલ મુલાકાતે પહોંચ્યા

# વિદેશ મંત્રી જયશંકરે કહ્યું ભારત માટે 'નેબરહુડ ફર્સ્ટ'

। નવી દિલ્હી, તા.૧૦ ।

વિદેશ મંત્રી એસ જયશંકરે કહ્યું હતું કે, ભારતની 'નેબરહુડ ફર્સ્ટ' નીતિમાં માલદીવ મહત્ત્વનું સ્થાન ધરાવે છે અને તે દ્વીપસમૂહના રાષ્ટ્રના નેતૃત્વ સાથે અર્થપૂર્ણ વાટાઘાટો માટે આતુર છે. તમને જણાવી દઈએ કે જયશંકર માલદીવ સાથે દ્વિપક્ષીય સંબંધો ફરી સ્થાપિત કરવા માટે ત્રણ દિવસની ઓફિશિયલ મુલાકાતે અહીં પહોંચ્યા છે.

ચીન તરફી ગણાતા મુઈઝુએ નવેમ્બર ૨૦૨૩માં ટોચના કાર્યાલયનો હવાલો સંભાળ્યા બાદ ભારત અને માલદીવ વચ્ચેના સંબંધોમાં ખટાશ આવી ગઈ હતી. જો કે હવે જયશંકરે સોશિયલ મીડિયા પ્લેટફોર્મ ઠ પર એક પોસ્ટમાં કહ્યું કે, તેઓ માલદીવ પહોંચીને ખુશ છે. એરપોર્ટ પર મારું સ્વાગત કરવા બદલ વિદેશ મંત્રી મુસા ઝમીરનો આભાર. અમારી નેબરહુડ ફર્સ્ટ પોલિસી અને સાગર દ્રષ્ટિકોણમાં માલદીવ મહત્ત્વનું સ્થાન ધરાવે છે.

તેમણે કહ્યું કે, તેઓ નેતૃત્વ સાથે અર્થપૂર્ણ વાતચીતની આશા રાખે છે. જમીરે કહ્યું કે તેઓ માલદીવની ઓફિશિયલ મુલાકાતે જયશંકરનું સ્વાગત કરીને ખુશ છે. તેમણે ઠ પરની તેમની પોસ્ટમાં જણાવ્યું હતું કે માલદીવ અને ભારત વચ્ચેના ઐતિહાસિક સંબંધોને વધુ મજબૂત કરવા માટે ફળદાયી ચર્ચાની આશા છે.



મુસા જમીરે કહ્યું કે, માલદીવમાં સામુદાયિક સશક્તિકરણ માટે ભારતની પ્રતિબદ્ધતામાં વધુ એક સીમાચિહ્નરૂપ! ડૉ. એસ. જયશંકર સાથે ભારતીય ગ્રાન્ટ સહાય હેઠળ સંયુક્ત રીતે પૂર્ણ થયેલા છ વિકાસ પ્રોજેક્ટોનું ઉદ્ઘાટન કરતાં ગર્વ અનુભવું છું. આજનું ઉદ્ઘાટન માલદીવમાં સામાજિક-આર્થિક વિકાસને આગળ વધારવા માટે ભારતના સમર્પણને દર્શાવે છે.

જૂન ૨૦૨૪માં બીજા કાર્યકાળ માટે કાર્યભાર સંભાળ્યા બાદ જયશંકરની માલદીવની આ પ્રથમ ઓફિશિયલ મુલાકાત છે. તેમની છેલ્લી મુલાકાત જાન્યુઆરી ૨૦૨૩માં થઈ હતી. જયશંકરની ૧૧ ઓગસ્ટ સુધીની ત્રણ દિવસીય મુલાકાત તેમના માલદીવ સમકક્ષ મુસા જામીરના આમંત્રણ પર યોજાઈ રહી છે.

જયશંકર રાષ્ટ્રપતિ મુઈઝુ સાથે સૌજન્ય મુલાકાત કરશે અને વર્તમાન દ્વિપક્ષીય સહકારની સમીક્ષા કરવા ઝમીર સાથે ઓફિશિયલ વાટાઘાટો કરશે તેવી આશા છે.

વિદેશ મંત્રાલયે જયશંકરની મુલાકાત પહેલા એક નિવેદનમાં જણાવ્યું હતું કે માલદીવ ભારતનો મુખ્ય દરિયાઈ પાડોશી છે અને ભારતની નેબરહુડ ફર્સ્ટ પોલિસી અને અમારા ઓશન એપ્રોચ એટલે કે સમગ્ર ક્ષેત્રમાં તમામ માટે સુરક્ષા અને વિકાસમાં મહત્વપૂર્ણ ભાગીદાર છે. મંત્રાલયે કહ્યું કે, આ મુલાકાતનો હેતુ બંને દેશો વચ્ચેની ગાઢ ભાગીદારીને મજબૂત કરવાનો અને દ્વિપક્ષીય સંબંધોને આગળ વધારવાના માર્ગો શોધવાનો છે.

# પાકિસ્તાનના અરશદ નદીમે જેવલિન થ્રો કરી ગોલ્ડ જીત્યો

## અરશદે ૯૨.૯૭ મીટરનો જેવલિન થ્રો કરી ગોલ્ડ જીતવાની સાથે ઓલિમ્પિકમાં સૌથી દૂર જેવલિન થ્રો રેકોર્ડ પોતાને નામે કર્યો












। (એજન્સી) પેરિસ, તા.૧૦ ।

પેરિસ ઓલિમ્પિક્સ ૨૦૨૪માં 'જેવલિન થ્રો'ની ફાઈનલ ઈવેન્ટમાં પાકિસ્તાનના અરશદ નદીમે ભારતના નીરજ ચોપરાને આકરી ટક્કર આપી હરાવ્યો છે. અરશદે ૯૨.૯૭ મીટરનો જેવલિન થ્રો કરી ગોલ્ડ જીતવાની સાથે ઓલિમ્પિકમાં સૌથી દૂર જેવલિન થ્રો રેકોર્ડ પણ પોતાના નામે કર્યો છે.

નીરજે ૮૯.૪૫ મીટર જેવલિન થ્રો કરી ભારત માટે સિલ્વર મેડલ જીત્યો હતો. આ ઈવેન્ટમાં ગ્રેનાડાના એન્ડરસન પીટર્સે ૮૮.૫૪ મીટર જેવલિન થ્રો સાથે બ્રોન્ઝ જીત્યો હતો. આમ, પાકિસ્તાનનો એક ગોલ્ડ મેડલ પેરિસ ઓલિમ્પિકમાં ભારતે જીતેલા અત્યાર સુધીના ૫ મેડલ સામે નીખરી આવ્યો છે. નીરજ ચોપરા ૮ ઓગસ્ટે રાત્રે ૧૧:૪૫ વાગ્યે પેરિસમાં જેવલિન થ્રો કર્યો હતો, ત્યારે એવી અપેક્ષા હતી કે તેઓ ભારતને આ ઓલિમ્પિકનો પહેલો ગોલ્ડ અપાવશે, પરંતુ પાકિસ્તાની એથ્લેટ અરશદ નદીમે પાકિસ્તાનને ૯૨.૯૭ મીટરના રેકોર્ડ અંતરે જેવલિન થ્રો કરી ગોલ્ડ મેડલ જીતવાની સાથે ભારતને મોટો આંચકો આપ્યો હતો.

પાકિસ્તાન હવે એક ગોલ્ડ મેડલ જીત્યા બાદ મેડલ ટેબલમાં(૯ ઓગસ્ટના સવારે ૬ વાગ્યા સુધી) ૫૩માં સ્થાને છે. જ્યારે ભારત તેનાથી ૧૧ સ્થાન નીચે ૬૪માં ક્રમે છે. ભારતે પેરિસ ઓલિમ્પિકમાં નીરજના ૧ સિલ્વર સહિત ૪ બ્રોન્ઝ મેડલ જીત્યા છે. ભારતને હોકીમાં એક બ્રોન્ઝ મેડલ મળ્યો છે, જ્યારે ૩ બ્રોન્ઝ મેડલ શૂટિંગમાં આવ્યા છે. તેનો અર્થ એ થાય છે કે, પાકિસ્તાનનો ગોલ્ડ મેડલ ભારત કરતાં વધુ છે. જેના કારણે પાકિસ્તાન મેડલ ટેબલમાં ભારતથી ઉપર પહોંચી ગયું છે.

અરશદ નદીમે મેડલ જીતીને બેવડો ફટકો આપ્યો છે. કરોડો ભારતીયોની અપેક્ષા પર પાણી ફેરવવાની સાથે ઓલિમ્પિક ગેમ્સમાં રેકોર્ડ પણ બનાવ્યો છે, અને મેડલ ટેબલમાં ભારત કરતાં પાકિસ્તાન આગળ નીકળી ગયું છે. અરશદનો આ મેડલ ૧૯૯૨ના ઓલિમ્પિક પછી પાકિસ્તાનનો પહેલો મેડલ હતો, અગાઉ પાકિસ્તાનની હોકી ટીમે બાર્સેલોનામાં બ્રોન્ઝ મેડલ જીત્યો હતો. એટલે કે અરશદ દ્વારા પાકિસ્તાન ૩૨ વર્ષ બાદ કોઈ મેડલ જીતવામાં સફળ થયું છે.

અરશદ નદીમ પાકિસ્તાનનો પહેલો ખેલાડી બન્યો જેણે વ્યક્તિગત ઈવેન્ટમાં પોતાના દેશ માટે પ્રથમ ગોલ્ડ મેડલ જીત્યો હોય. અરશદે ૯૨.૯૭ મીટરના થ્રો સાથે ઓલિમ્પિક રેકોર્ડ પણ પોતાના નામે કર્યો હતો. અરશદે નોર્વેના એન્ડ્રેસ થોર્કિલ્ડસનનો રેકોર્ડ તોડ્યો હતો. એન્ડ્રેસે ૨૩ ઓગસ્ટ, ૨૦૦૮ના રોજ બેઈજિંગ ઓલિમ્પિકમાં ૯૦.૫૭ મીટર જેવલિન થ્રો કરી આ રેકોર્ડ બનાવ્યો હતો. નીરજે અગાઉ ટોક્યો ઓલિમ્પિકમાં ૮૭.૫૮ મીટર દૂર જેવલિન થ્રો સાથે ગોલ્ડ મેડલ જીત્યો હતો. પેરિસમાં તેનાથી દૂર ૮૯.૪૫ મીટરના અંતરે જેવલિન થ્રો કર્યો હોવા છતાં સિલ્વર મેડલથી સંતોષ માનવો પડ્યો હતો. જેવલિન થ્રોમાં વર્લ્ડ રેકોર્ડ ચેક રિપબ્લિકના એક ખેલાડીના નામે છે.

ત્રણ વખતના વિશ્વ ચેમ્પિયન અને ઓલિમ્પિક ચેમ્પિયન, ચેક રિપબ્લિકના અનુભવી એથ્લેટ જાન ઝેલેઝનીએ ૧૯૯૬માં જર્મનીમાં એથ્લેટિક્સ સ્પર્ધા દરમિયાન ૯૮.૪૮ મીટર જેવલિન થ્રો કરી પુરુષ કેટેગરીમાં સૌથી દૂર જેવલિન થ્રો કરવાનો વર્લ્ડ રેકોર્ડ બનાવ્યો હતો.

### પોલીસે ચાર્જશીટ પણ બનાવી દીધી

## ભૂતે જ પોતાના દુશ્મન પર એફઆઈઆર નોંધાવી દીધી

। (એજન્સી) લખનૌ, તા.૧૦ ।

ઉત્તર પ્રદેશથી એક એવો ચોંકવનારો મામલો સામે આવ્યો છે કે જાણીને તમે પણ અચંબિત થઈ જશો. શું કોઈ ભૂત એફઆઈઆર નોંધાવી શકે ખરા? અહીં મૃતક વ્યક્તિના નામે વર્ષ ૨૦૧૪માં એક જમીનના વિવાદમાં એક જ પરિવારના પાંચ લોકો પર કેસ દાખલ કરાયો. તપાસ અધિકારીએ નિવેદન પણ નોંધ્યા અને ચાર્જશીટ પણ ફાઈલ કરી, ત્યારબાદ કેસ ચાલતો રહ્યો. આ મામલો યુપીના કુશીનગરનો છે. વાત જાણે એમ છે કે મોતના ૩ વર્ષ બાદ મૃત વ્યક્તિએ પોલીસ સ્ટેશનમાં એફઆઈઆર નોંધાવી. હવે તમે પણ વિચારતા હશો કે આખરે ભૂત એફઆઈઆર કેવી રીતે કરાવી શકે. આ સમગ્ર મામલાની હકીકત જાણવા જેવી છે. મામલો જ્યારે હાઈકોર્ટ પહોંચ્યો તો કોર્ટે તમામ પહેલુઓની તપાસ કરીને કુશીનગરના એસપીને પૂંછ્યુ કે કોઈ મૃત વ્યક્તિ કે કોઈ ભૂત પણ ફ્રૈંઈ કરીને નિર્દોષને ફસાવી શકે છે? વાત જાણે એમ છે કે આ મામલામાં વર્ષ ૨૦૧૪માં એક જમીનના મામલે મૃત વ્યક્તિએ એક પરિવારના પાંચ લોકો પર એફઆઈઆર કરાવી અને આ મમલે તપાસ કરી રહેલા તપાસ અધિકારીએ નિવેદન નોંધી પણ લીધુ. ત્યારબાદ તેની ચાર્જશીટ પણ દાખલ કરી દીધી. જ્યારે મામલો ટ્રાયલ કોર્ટમાં આવ્યો તો કોર્ટે આ મામલાને ધ્યાનમાં લીધો. જ્યારે મામલો અલાહાબાદ હાઈકોર્ટમાં આવ્યો તો કોર્ટે આ મામલાને સાંભળીને રદ કરી નાખ્યો અને એસપીને તપાસ કરવાનું કહ્યું કે કોઈ ભૂત કેવી રીતે નિર્દોષને ફસાવી શકે? નોંધનીય છે કે કુશીનગરના હાટા પોલીસ મથક વિસ્તારમાં રહેતા આરોપી પુરુષોત્તમ સિંહ સહિત તેમના બે ભાઈઓ અને બે પુત્રોએ પોલીસ તરફથી દાખલ ચાર્જશીટને અલાહાબાદ હાઈકોર્ટમાં પડકારી. જસ્ટિસ સૌરભ શ્યામ સમસેરીની કોર્ટમાં જાણકારી અપાઈ કે વર્ષ ૨૦૧૪માં પુરુષોત્તમ અને અન્ય વિરુદ્ધ શબ્દપ્રકાશ નામના વ્યક્તિએ ફ્રોડની એફઆઈઆર નોંધાવી. જ્યારે શબ્દપ્રકાશનું તો ૨૦૧૧માં મોત થઈ ચૂક્યું છે. વકીલ રાજેશકુમારે દલીલ કરી કે મૃતક શબ્દપ્રકાશ સાથે આરોપીઓનો જૂનો જમીન વિવાદ ચાલે છે અને વાદી શબ્દપ્રકાશના મોત બાદ પણ મામલાના તપાસ અધિકારીએ તેમનું નિવેદન નોંધાવીને બધા વિરુદ્ધ ચાર્જશીટ પણ ફાઈલ કરી દીધી. વકીલે મૃતક શબ્દપ્રકાશની પત્ની મમતા દ્વારા અપાયેલું ડેથ સર્ટિફિકેટ પણ જોડ્યું હતું. કોર્ટ પણ આ મામલાને જાણીને સ્તબ્ધ થઈ ગઈ અને સવાલ કર્યો કે જ્યારે વાદી શબ્દપ્રકાશનું મોત ૨૦૧૧માં થઈ ગયું હતુ તો ૨૦૧૪માં શું ભૂતે આ ફ્રૈંઈ કરાવી હતી અને શું તપાસ કરનારે ભૂતનું નિવેદન લઈને ચાર્જશીટ દાખલ કરી અને ૨૦૨૩માં ભૂતે જ અરજીનો વિરધ કરવા માટે હાઈકોર્ટમાં દાખલ કરાયેલી ચાર્જશીટ પર પોતાના હસ્તાક્ષર કર્યા? સમગ્ર મામલાની સુનવણી કરતા કોર્ટે આરોપી પુરુષોત્તમ સિંહ અને તેના પરિજનો વિરુદ્ધ ઘડાયેલી ચાર્જશીટ રદ કરી અને એસપી કુશીનગરને તપાસના આદેશ આપ્યા છે.

# ભારત અને ઓસ્ટ્રેલિયાની ક્રિકેટ ટીમ ફરી એકબીજા સામે ટકરાશે

## ભારતીય ટીમ આગામી બોર્ડર-ગાવસ્કર ટ્રોફી માટે પહેલા ઓસ્ટ્રેલિયાના પ્રવાશે જશે : જેમાં પાંચ ટેસ્ટ મેચો રમાશે, ન્યૂઝીલેન્ડ સામેની ત્રણ મેચની હોમ ટેસ્ટ સીરિઝ બાદ ટીમ ઓસ્ટ્રેલિયા પહોંચશે

। (એજન્સી) નવી દિલ્હી, તા.૧૦ ।



ભારત અને ઓસ્ટ્રેલિયાની ક્રિકેટ ટીમ ફરી એકવાર એકબીજા સામે મેદાન પર ટકરાશે. ભારતીય ટીમ આગામી બોર્ડર-ગાવસ્કર ટ્રોફી માટે પહેલા ઓસ્ટ્રેલિયાના પ્રવાશે જશે. જેમાં ભારત અને ઓસ્ટ્રેલિયા વચ્ચે પાંચ ટેસ્ટ મેચો રમાવાની છે. ન્યૂઝીલેન્ડ સામેની ત્રણ મેચની હોમ ટેસ્ટ સીરિઝ બાદ ટીમ ઓસ્ટ્રેલિયા પહોંચશે. જેની પહેલી ટેસ્ટ મેચ ૨૨ નવેમ્બરથી પર્થ, ઓસ્ટ્રેલિયામાં રમવામાં આવશે. આ પહેલા બંને ટીમો વચ્ચે ૨ પિંક બોલ ડે-નાઈટ પ્રેક્ટીસ મેચ રમાશે. ભારતીય ટીમ ૩૦ નવેમ્બરથી કેનબેરાના મનુકા ઓવલ ખાતે પ્રાઈમ મિનીસ્ટર ઈલેવન સામે બે દિવસીય પિંક બોલ ડે-નાઈટ પ્રેક્ટિસ મેચ રમશે. ભારતીય ટીમને એડિલેડમાં ડે-નાઈટ ટેસ્ટ મેચની તૈયારીમાં મદદ કરવા માટે આ પ્રેક્ટિસ મેચ ઉમેરવામાં આવી છે. છેલ્લા ૨૦ વર્ષમાં બંને ટીમો વચ્ચે આ પહેલી મેચ રમાશે. ભારતીય ટીમ આગામી બોર્ડર-ગાવસ્કર ટ્રોફી માટે પહેલા ઓસ્ટ્રેલિયાના પ્રવાશે જશે : જેમાં પાંચ ટેસ્ટ મેચો રમાશે, ન્યૂઝીલેન્ડ સામેની ત્રણ મેચની હોમ ટેસ્ટ સીરિઝ બાદ ટીમ ઓસ્ટ્રેલિયા પહોંચશે, ૨૦ વર્ષ પહેલા ભારત પ્રાઈમ મિનિસ્ટર ઈલેવન સામે મેચ રમયું હતું. ત્યારે પ્રાઈમ મિનિસ્ટર ઈલેવનની કેપ્ટનશીપ સ્ટીવ વો કરતો હતો, જયારે ભારતીય ટીમની કમાન રાહુલ દ્રવિડના હાથમાં હતી. તે સમયે, ઓસ્ટ્રેલિયા ટીમના વર્તમાન નેશનલ કોચ એન્ડ્ર્યુ મેકડોનાલ્ડને પણ પ્રાઈમ મિનિસ્ટર ઈલેવન ટીમમાં સામેલ કરવામાં આવ્યા હતા. ભારતીય ટીમે અત્યાર સુધીમાં ત્રણ પિંક બોલ ટેસ્ટ મેચ રમી છે. આ ત્રણ પિંક બોલ ટેસ્ટ મેચો ભારતે બાંગ્લાદેશ (૨૦૧૯), ઈંગ્લેન્ડ (૨૦૨૧) અને શ્રીલંકા (૨૦૨૨) સામે રમી હતી. જેમાં ત્રણેય મેચમાં ભારતીય ટીમ વિજેતા રહી હતી.



નવી દિલ્હીમાં કેન્દ્રીય બજેટ પછી યોજાયેલી બેઠક દરમિયાન નાણા રાજ્ય મંત્રી પંકજ ચૌધરી, નાણા મંત્રી નિર્મલા સીતારમણ અને RBI ના ગવર્નર શક્તિકાંત હાજર રહ્યા હતા.

### ઊભી ટ્રકમાં પાછળથી આવતું વાહન ઘૂસી જતાં અકસ્માત

## યુપીમાં ૪ લોકોના કમકમાટીભર્યા મોત



। (એજન્સી) ગાઝિયાબાદ, તા.૧૦ ।

ગાઝિયાબાદ કાનપુર ગ્રીન ફિલ્ડ હાઈવે પર શુક્રવારે સવારે મોટી દુર્ઘટના ઘટી. ત્યાં ઊભેલી ટ્રકમાં મિની ટ્રક ઘૂસી ગઈ. આ ઘટનામાં ચાર લોકોના મોત થયા છે જ્યારે એક વ્યક્તિ ગંભીર રીતે ઈજાગ્રસ્ત છે. ગુરસહાયગંજ વિસ્તારના જુનેદપુર ગામની પાસે શુક્રવારે સવારે લગભગ સાત વાગે દિલ્હીથી કાનપુર તરફ જઈ રહેલા ડ્રાઈવરે સર્વિસ રોડ પર પોતાની ટ્રક ઊભી કરી દીધી. તે બાદ તે કેબિનમાં જ સૂઈ ગયો. બાદમાં પાછળથી આવી રહેલી મિની ટ્રક ઊભેલા ટ્રકમાં ઘૂસી ગઈ. જેના કારણે મિની ટ્રકમાં સવાર ચાર લોકોના મોત થયા અને એક યુવક ઈજાગ્રસ્ત થઈ ગયો. ટ્રક ડ્રાઈવર શુક્રવારે ગુરસહાયગંજ વિસ્તારના મઝપુરવા અંતર્ગત જુનેદપુર કટ પાસે સવારે લગભગ ૬ વાગે પંજાબથી લેધર લઈને કોલકત્તા જઈ રહ્યો હતો. ટ્રકમાં ગાડી માલિક સુખવંત સિંહનો ભત્રીજો બયંત સિંહ પણ સવાર હતો. કટ પર કંટેનરમાં ડીઝલ પૂરું થઈ જવાના કારણે ડ્રાઈવર જગદીશ સિંહ ગાડીને સર્વિસ રોડ પર ઊભી કરીને રસ્તે આવતાં-જતાં લોકો પાસેથી પેટ્રોલ પંપોની જાણકારી મેળવી રહ્યો હતો. આ દરમિયાન પાછળથી ફૂલ સ્પીડે આવતાં ડીસીએમના ડ્રાઈવરને ઝોકું આવવાના કારણે કંટેનરમાં ઘૂસી ગયું. ઘટનાની માહિતી મળતાં પોલીસ ઘટના સ્થળે પહોંચી અને ત્યારબાદ ગ્રામજનો અને હાઈવે કર્મચારીઓની મદદથી ક્રેન દ્વારા ડીસીએમની કેબિનમાં ફસાયેલા લોકોને બહાર કાઢીને જિલ્લા હૉસ્પિટલ મોકલ્યા.

### ડોનાલ્ડ ટ્રમ્પના કમલા હેરિસ પર આકરા પ્રહાર

# દુનિયા ત્રીજા વિશ્વ યુદ્ધની નજીક છે અને તે હેન્ડલ નહીં કરી શકે : ડોનાલ્ડ ટ્રમ્પ

## પ્રેસ કોન્ફરન્સમાં અમેરિકાના પૂર્વ પ્રમુખ ડોનાલ્ડે કહ્યું કે, અમેરિકાની હાલત ખૂબ જ ખરાબ છે અને 'સમગ્ર વિશ્વમાં સ્થિતિ વણસી : કમલા હેરિસ બાઈડેન કરતા પણ ખરાબ

। (એજન્સી) વોશિંગ્ટન, તા.૧૦ ।



અમેરિકાના પૂર્વ પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે કમલા હેરિસ અને ટિમ વોલ્ઝની આકરી ટીકા કરી હતી. પ્રેસ કોન્ફરન્સ દરમિયાન તેમણે કહ્યું કે, 'સમગ્ર વિશ્વમાં સ્થિતિ વણસી રહી છે. આપણે ત્રીજા વિશ્વ યુદ્ધની નજીક છીએ અને આ લોકો પરિસ્થિતિને સંભાળી શકશે નહીં.' પ્રેસ કોન્ફરન્સમાં ડોનાલ્ડ ટ્રમ્પે કહ્યું કે, 'અમેરિકાની હાલત ખૂબ જ ખરાબ છે. કમલા હેરિસ જો બાઈડેન કરતા પણ ખરાબ છે અને તેમને રાષ્ટ્રપતિ પદ માટે મત પણ નથી મળ્યા.' નોંધનીય છે કે, અમેરિકાના પૂર્વ પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ રિપબ્લિકન પાર્ટી તરફથી ઉમેદવાર છે. ડેમોક્રેટિક પાર્ટીએ કમલા હેરિસને મેદાને છે. ડોનાલ્ડ ટ્રમ્પે જણાવ્યું હતું કે, 'આપણે વિશ્વ યુદ્ધની ખૂબ નજીક છીએ. મારા મતે અહીં એવા લોકો છે જેઓ આ સંજોગોમાં કશું કરી શકતા નથી. આ લોકોનું કોઈ સન્માન કરતું નથી. ચીન, રશિયા અને ઉત્તર કોરિયામાં લોકોના આ જૂથ માટે કોઈ સન્માન નથી. અમેરિકાના પૂર્વ પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે કે, 'પહેલા મારી સામે જો બાઈડેન હતા. હવે કમલા હેરિસ છે, પરંતુ મને લાગે છે કે અન્ય કોઈ ઉમેદવાર હોત. કમલા હેરિસનો રેકોર્ડ ઘણો ખરાબ છે. તે એક સ્તરે કટ્ટરપંથી છે, તેણે ડાબેરી કટ્ટરપંથી પસંદ કર્યા છે. બાઈડેન પ્રત્યે કમલા હેરિસનું વલણ અલગ હતું, તેમ છતાં તેમણે હેરિસને ઉપરાષ્ટ્રપતિ બનાવ્યા. મને લાગે છે કે તેને તેના નિર્ણય પર પસ્તાવો થશે. હવે તેમને રાષ્ટ્રપતિની ચૂંટણીની રેસમાંથી પણ દૂર કરી દેવામાં આવ્યા છે.'

### એનડીએના સહયોગીઓએ પણ વિરોધ કર્યો

# સુપ્રીમ કોર્ટના અનામતમાં પણ અનામત અંગે એક નિર્ણયથી દેશભરના નેતાઓ દોડતા થયા

## ઉલ્લેખનીય છે કે અનુસૂચિત જાતિ (SC) અને અનુસૂચિત જનજાતિ (ST) ક્વોટામાં સબ કેટેગરી બનાવવાની તરફેણમાં સુપ્રીમે ચુકાદો આપ્યો હતો

। (એજન્સી) નવી દિલ્હી, તા.૧૦ ।



સુપ્રીમ કોર્ટે અનામતમાં પણ અનામત અંગેનો એક આદેશ આપતાં હવે દેશભરના નેતાઓ દોડતાં થઈ ગયા છે. ઉલ્લેખનીય છે કે અનુસૂચિત જાતિ (SC) અને અનુસૂચિત જનજાતિ (ST) ક્વૉટામાં સબ કેટેગરી બનાવવાની તરફેણમાં સુપ્રીમ કોર્ટે ચુકાદો આપ્યો હતો. હવે આ સૌની વચ્ચે એસસી અને એસટી સમુદાયના લોકસભા તથા રાજ્યસભાના સાંસદોનું ટેન્શન વધી ગયું છે અને તેઓ સંસદ ભવનમાં જ પીએમ મોદીને મળવા પહોંચી ગયા હતા. આ તમામ સાંસદોએ સંયુક્તરૂપે એસસી/એસટી માટે ક્રીમીલેયર અંગે સુપ્રીમ કોર્ટની ટિપ્પણી મામલે એક આવેદન સોંપ્યું હતું અને સાથે જ માગ કરી હતી કે આ ચુકાદો અમારા સમાજમાં લાગુ ન કરવો જોઈએ. તેના પર પીએમ મોદીએ તેમને આશ્વાસન આપ્યું કે હું આ મામલે વિચારીશ. સુપ્રીમ કોર્ટના ચુકાદા સામે એનડીએના સાથી લોજપા(રામવિલાસ) નેતા ચિરાગ પાસવાન અને રામદાસ અઠાવલેએ પણ વિરોધ વ્યક્ત કર્યો હતો. ચિરાગ પાસવાને આ મામલે કહ્યું હતું કે અમારી લોક જનશક્તિ પાર્ટી (રામવિલાસ) આ ચુકાદા સામે અપીલ કરશે. ઉલ્લેખનીય છે કે સુપ્રીમ કોર્ટે ૧ ઓગસ્ટે તેના ચુકાદામાં કહ્યું હતું કે રાજ્યો પાસે અનુસૂચિત જાતિઓમાં સબ કેટેગરી બનાવવાનો બંધારણીય અધિકાર છે જેથી એ જાતિઓને પણ અનામત મળી શકે જે સામાજિક અને શૈક્ષણિક રીતે અતિ પછાત છે. આ દરમિયાન સુપ્રીમ કોર્ટે સ્પષ્ટતા કરી હતી.

## તંત્રી લેખ...

# દેશમાં આ વરસે અનેક રાજ્યોમાં મેઘ તાંડવે હાહાકાર મચાવ્યો છે

સમગ્ર દેશમાં આ વરસે અનેક રાજ્યોમાં મેઘ તાંડવે હાહાકાર મચાવ્યો છે અને હજુ થોડા અંતરાય પછી એ ચાલુ રહેવાની સંભાવના છે. હિમાચલ અને ઉત્તરાખંડમાં પહાડો બરફની જેમ પીગળી રહ્યા છે. ઠેર ઠેર ભૂસ્ખલન થાય છે. આજે પણ સંખ્યાબંધ રસ્તાઓ બંધ છે. હવે વરસાદ અટકે એની રાહ છે અને હજુ વાદળાઓ વિખરાતા નથી. વનવગડામાં અને રસ્તાની બન્ને બાજુએ લીલા રંગનો પ્રલય થયેલો છે. કવિ પ્રહલાદ પારેખ કહે છે કે જ્યાં સુધી પહોંચે નજર ત્યાં સુધી બસ ઘાસનો વિસ્તાર છે ને પછી આકાશ કેરી નીલરંગી ક્ષિતિજ કેરી ધાર છે...! ગુજરાતના કેટલાક જિલ્લાઓ હવે લીલા દુષ્કાળ તરફ તણાઈ રહ્યા છે. આ વખતે દક્ષિણ ગુજરાતમાં વરસાદ ઓછો છે અને સૌરાષ્ટ્રમાં વધારે છે. દુનિયાના તમામ વિકસિત દેશો પાસે સમૃદ્ધ હવામાન વિભાગ હોય છે. જે રીતે સંરક્ષણ મંત્રાલય અને નાણાં મંત્રાલયને વિશેષ મહત્ત્વ આપવામાં આવે છે એટલું જ મહત્ત્વ વિકસિત દેશોમાં હવામાનખાતાને આપવામાં આવે છે. આપણે ખરેખર હવે સારા હવામાનશાસ્ત્રીની જરૂર છે. જે લોકોએ વાવણી વહેલી કરી એમના ઊભા પાક વધુ પડતા પાણીમાં બળી ગયા છે અને જેમણે મોડી વાવણી કરી અને પાક જરાક અંકુરિત થયા એ બધા ધોવાઈ ગયા છે. કૃષિ ક્ષેત્રને સરકાર ઘણું આપે છે, પણ જે હાઈટેક સજ્જતાઓ આપવી જોઈએ એ આપી નથી. કેલિફોર્નિયામાં જે એક ઓબ્ઝર્વેટરી છે, એનું કામ તો સતત વાદળોનું નિરીક્ષણ કરવાનું છે. વર્ષોથી સંશોધનો કરતા હોવાને કારણે કુદરતના કેટલાંક રહસ્યો વૈજ્ઞાનિકોના હાથમાં આવી જાય છે અને એ પ્રમાણે તેઓ પોતાના દેશના વાતાવરણને અમુક અંશે જાતે નેવિગેટ કરી શકે છે. આ વાતની ભારત અને ભારત જેવી અન્ય સરકારોને ન તો ખબર છે કે ન તો એમને કોઈ એની તમા છે. આપણા દેશમાં તમામ પ્રધાનો દાયકાઓથી એક જ ઢોલ વગાડે છે કે વધુ વૃક્ષ વાવો એટલે વધુ વરસાદ આવશે. ખરેખર એવું નથી. વૃક્ષો એક આધાર છે, પરંતુ એ સિવાય વરસાદને પૂરતી માત્રામાં અને નિયત સમયે લાવવા માટેના અનેક ઉપાયો છે, જે હવે વિકસિત દેશો જાણે છે. હવામાન ખાતાની જવાબદારી દેશના અનેક પ્રકારના કૃષિ પાકને માર્ગદર્શન આપવાની છે. ઉપરાંત ખેડૂતોને હવામાન પ્રમાણે એડવાન્સમાં પાકની પસંદગીના નિર્ણયમાં મદદ કરવાની છે. સામાન્ય પ્રજા એવું માને છે કે વરસાદ આવે અથવા તો સિંચાઈથી પાણી મળે એટલે ખેતીવાડી સારી થાય. એ માન્યતા ભ્રામક છે. જે લોકો ખેતી કરે છે એને ખબર છે કે પાકનો ઘણો મોટો આધાર માત્ર પાણી ઉપર નહીં, પરંતુ પાણી પછીના હવામાન પર નિર્ભર છે. વિકસિત દેશોમાં યુનિવર્સિટીઓ કમ સે કમ તેના વિસ્તારના કિસાનોને વરસમાં ચારથી પાંચ વાર બોલાવે છે.

# ભરપૂર આશંકા છે તો ભારતના પડકારો હજુ વધી જવાના છે

બાંગ્લાદેશમાં થયેલ તખ્તાપલટના મુદ્દે ભારતીય સંસદના બંને સદનોમાં વિદેશ મંત્રી જયશંકરે પોતાના વક્તવ્યમાં કહ્યું કે પાંચ ઓગસ્ટે વડાપ્રધાન શેખ હસીનાએ સુરક્ષા પ્રતિષ્ઠાનો સાથે બેઠક બાદ સ્પષ્ટ રૂપે રાજીનામું આપવાનો નિર્ણય કર્યો અને 'થોડા સમય માટે' તેમણે ભારત આવવાની મંજૂરી માગી. પૂર્વ વડાપ્રધાન શેખ હસીના હવે ભારતમાં છે અદ્ધે માનવામાં આવે છે કે કોઈ ત્રીજા દેશમાં શરણ મળ્યા સુધી અહીં રહેશે. જો આ હાલતને ભારતીય દષ્ટિકોણથી જોવામાં આવે તો આ એક અસાધારણ સ્થિતિ છે, જ્યાં ભારતને કેટલાક આકરા નિર્ણયો લેવા પડશે, જેમાં પડોશી પ્રથમ નીતિ અંતર્ગત મદદ પણ કરવી પડશે. બાંગ્લાદેશમાં ફસાયેલા હજારો ભારતીયોની સુરક્ષા સાથે એ વાત સુનિશ્ચિત કરવાની છે કે કોઈ અનધિકૃત રૂપે સીમા પાર કરીને ભારતમાં પ્રવેશ ન કરી શકે. આ સમગ્ર ઘટનાક્રમથી દેશ માટે એક અભૂતપૂર્વ સુરક્ષા સ્થિતિ પેદા થઈગઈ છે. ભારત સમક્ષ ૧૯૭૧વાળી સ્થિતિ ફરી એક વાર આવી ગઈ છે. બાંગ્લાદેશમાં રહેતા તમામ અલ્પસંખ્યક સમૂહો ખાસ કરીને મોટી સંખ્યામાં હિંદુ ભારતમાં શરણાર્થી તરીકે આવવાની અરજ કરી શકે છે. એનાથી બાંગ્લાદેશની સીમા સાથે જોડાયેલા બંગાળ અને ત્રિપુરા જેવા રાજ્યોમાં ચિંતાજનક હાલત પેદા થઈ શકે છે. જો બાંગ્લાદેશની વચગાળાની સરકારમાં કટ્ટરપંથીઓનો દબદબો વધે છે, જેની ભરપૂર આશંકા છે તો ભારતના પડકારો ઓર વધી જવાના છે, કારણ કે તેમાંથી કેટલાક જૂથોને પાકિસ્તાનનું સમર્થન મળતું રહ્યું છે. તેને કારણે એ સતત ભારત વિરોધી ગતિવિધિઓ ચલાવતા રહ્યા છે. પાકિસ્તાન આજ સુધી ભારતને પોતાના વિભાજન એટલે કે બાંગ્લાદેશના નિર્માણનું કારણ માનતું રહ્યું છે અને તે કોશિશ કરશે કે બાંગ્લાદેશના ઈસ્લામિક કટ્ટરપંથી જૂથો સાથે મળીને ભારત વિરુદ્ધ આતંકી અને અસામાજિક તત્ત્વોને સક્રિય કરવામાં આવે. બાંગ્લાદેશમાં અરાજકતા વચ્ચે દિક્ષણ એશિયામાં અસ્થિરતા વધી ગઈ છે, જે ભારતના હિતમાં બિલકુલ નથી. ભારતની સુરક્ષા માટે ચોતરફી પડકારો વધી રહ્યા છે. ગત દિવસોમાં જ નેપાળમાં ચીન સમર્થક સરકાર બની છે, જેનું નેતૃત્વ વડાપ્રધાન કેપી શર્મા ઓલી કરી રહ્યા છે. ઓલીને 'ઈન્ડિયા આઉટ' અભિયાનનું નેતૃત્વ કરવા માટે ઓળખવામાં આવે છે અદ્ધે હાલનાં વર્ષોમાં તેમણે પોતાની રાજકીય સાખ મજબૂત કરવા માટે ભારત સાથે સીમા વિવાદનો મુદ્દો શાંત નથી થવા દીધો. જોકે ઓલીની 'રાષ્ટ્રવાદી છબિ' ભારત વિરોધથી બની છે, તેથી ભારત માટે જરૂરી છે કે તે સ્થિતિ પર નજર રાખે. જો નેપાળી જનતા જૂની પાર્ટીઓ અને જૂના નેતાઓની કાર્યશૈલીથી કંટાળશે તો ૨૦૦૬ જેવું જન આંદોલન ઊભું થવું કોઈ મોટી વાત નહીં ગણાય. તેની સીધી અસર ખુલ્લી સીમાને કારણે ભારત પર થશે. નેપાળની પાસે જ ભૂટાન છે, જે સંપૂર્ણ રીતે ભારતની સુરક્ષા ચિંતાઓને લઈને ચિંતાગ્રસ્ત છે અને એક મિત્રતાપૂર્ણ સહયોગી રહ્યું છે. જોકે હાલના વર્ષોમાં ચીને ત્યાં પણ ઘૂસ મારવામાં કસર નથી છોડી. તેમ છતાં ભારતની દષ્ટિએ ભૂટાનમાં સ્થિતિ નિયંત્રણમાં છે. પૂર્વી પડોશી દેશ મ્યાંમારમાં પણ દબાવપૂર્ણ અને અનિશ્ચિત રાજકીય ઘટનાક્રમ જોવા મળી રહ્યો છે. અહીં વિભિન્ન વિદ્રોહી સમૂહ સૈન્ય શાસનને કમજોર કરવામાં સફળ થઈ ગયા છે. અહીં અશાંતિ અને રાજકીય અસ્થિરતાનો સિલસિલો ચાલુ છે, જેને કારણે ભારતની સુરક્ષા એજન્સીઓ ભારત-મ્યાંમાર સીમા પર નજર રાખે છે. જો બાંગ્લાદેશ અને મ્યાંમારની તાનાશાહી તાકાતો ચીન કે પાકિસ્તાન જેવા દેશોના પ્રભાવમાં આવીને ભારતને નુકસાન પહોંચાડવાની કોશિશમાં સાથે આવી જાય છે તો ભારત માટે મોટો પડકાર ઊભો થશે. નવી દિલ્હી માટે જરૂરી છે કે તે પોતાની લુક ઈસ્ટ અને એક્ટ ઈસ્ટ નીતિમાં સુરક્ષા પાસાંને પણ સામેલ કરે. મ્યાંમારમાં આર્થિક અને રાજકીય અસ્થિરતાની સ્થિતિ બની છે. એ સાચું કે શ્રીલંકા ધીમે ધીમે ભારત અને આઈએમએફની મદદથી આર્થિક મુસીબતોમાંથી બહાર આવી રહ્યું છે.

**તુલસીદાસજીનાં જન્મ મહોત્સવ અંતર્ગત બાપુની સાથે-સાથે આપણે પણ પોતાની તરફથી તુલસી દલ મુકી તુલસી પર્વની પૂર્ણાહુતિ કરી**


# રામચરિત માનસનાં નિત નૂતન ભાવનું નિરુપણ અને અવતરણ કરનાર માટે જ હુલસી સૂત ભયો તુલસી!




સદગુરુ વચનામૃત
સંકલન ફાલ્ગુની વસાવડા
(ભાવનગર)

**સમાજ બહુ ઉદાર છે, એટલે ભરી ભરીને આલોચના આપશે, પણ એ પણ એક પ્રકારનો ઉપહાર કે એવોર્ડ જ છે, એટલે એનો સાદર સ્વીકાર કરી આગળ વધવું. કુછ તો લોગ કહેંગે એ ગીતની પંક્તિ મુકી એને સિદ્ધ કર્યું. પૂજ્ય બાપુ તો બાપુ છે! વેદ, વેદાંત, ઉપનિષદ, શ્રીમદ ભાગવતને રામાયણની ચોપાઈ સાથે જોડી ને ગજબ દર્શન કરાવે, અને પાછું ગળે પણ ઉતરી જાય!**

આપનાં શ્રીચરણોમાં મારા સહ પરિવાર સાદર સાષ્ટાંગ પ્રેમ પ્રણામ. આજે ઠેરઠેર બાબા તુલસીદાસજી જન્મ મહોત્સવ મનાવાઈ રહ્યો છે, અને મહુવા ખાતે તો શ્રી રામચરિત માનસનાં નિત નૂતન ભાવનું નિરુપણ કરનારના શ્રીમુખથી તુલસી હુલસી અને રત્નાવલીની યોગ્યતા કે મહાનતાને પોતપોતાની રીતે વર્ણવી રહ્યા છે, પણ શ્રી રામચરિત માનસ માટે કોણ જવાબદાર છે?; ઉત્તર પ્રદેશના ચિત્રકૂટ નજીક રાજાપુર ગામમાં શ્રાવણ સુદ સપ્તમીના દિવસે માતા હુલસીની કુખે એમનો જન્મ થયો, એમના પિતાનું નામ આત્મારામ દૂબે હતુ. જન્મતા વેત એ રામ બોલ્યા હતાં, એટલે એનું નામ રામ બોલા પડ્યું હતું. કોઈ સામાન્ય ઉપલબ્ધિ નહોતી પણ દુનિયા સમજી ન શકી અને તેનો તિરસ્કાર થયો. તુલસીદાસજીનું જીવન ઘણી બધી સામાજિક વિટંબણા માંથી પસાર થયું. યુવાન થતા તેમના રત્નાવલી નામની એક સુંદર કન્યા સાથે લગ્ન થયાં, અને તેમનું નવ વિવાહિત જીવન સુંદર રીતે ચાલતું હતું, ત્યાં રત્નાવલી પોતાનાં પિયર ગઈ, અને બાબા તુલસી એટલે કે રામ બોલા ભયંકર પૂરની સ્થિતિમાં પણ તેની પત્નીને મળવા જાય છે, અને પત્ની કઠોર વચન કહે છે, કે હાડમાસના આ દેહમાં જેટલી પ્રીતિ રાખી, એટલી પ્રિતી પ્રભુ ભજનમાં રાખી હોત તો વૈકુંઠના દ્વાર ખુલી જાત, અને આ વાત તેમને ખૂબ લાગી આવી. તતક્ષણ તેઓ ત્યાંથી પાછા ફર્યા, અને ત્યારબાદ પ્રયાગ પહોંચી ગયાં, પછી તો ૧૪ વર્ષ સુધી તેઓ તીર્થની પગપાળા યાત્રા કરતા રહ્યાં, જગન્નાથપુરી, રામેશ્વર, દ્વારકા, અને બદ્રીનારાયણની પગપાળા યાત્રા કરી. ત્યારબાદ ફરી ચિત્રકૂટ આવીને વસ્યાં, અને નરહરી દાસજીએ તેમને પોતાના શિષ્ય બનાવ્યા અને રામકથા કહી. તુલસીદાસજી ને વાલ્મિકી અવતાર તરીકે પણ કહેવામાં આવે છે. શ્રી રામચરિત માનસ લખવા માટે તેમણે અયોધ્યા ખાતે મુકામ કર્યો, અને બે વર્ષ સાત મહિના અને ૨૬ દિવસે





રામ ચરિત માનસ પૂર્ણ કર્યું. તેમણે આ ઉપરાંત પણ ૧૨ ગ્રંથ લખ્યા છે, અને તદુપરાંત હનુમાન ચાલીસાનો પાઠ લખી આપણાં પર ઉપકાર કર્યો છે. આજે દેશમાં કરોડો લોકો હનુમાન ચાલીસાનો પાઠ કરે છે, અને મનની શાંતિ મેળવે છે. હનુમાનજીની કૃપાથી તુલસીદાસજીને ભગવાન શ્રીરામનો સાક્ષાતકાર પણ થયો હતો. ચિત્રકૂટમાં એકવાર ઠાકોરજીની પૂજા માટે તુલસીદાસજી ચંદન ઘસી રહ્યાં હતાં ત્યારે એક વ્યક્તિ એની પાસે ચંદન માગે છે, અત્યંત તેજસ્વી અને રૂપરાશી ધરાવતા એ પુરુષને જોઈને તુલસી અત્યંત પ્રભાવિત થઈ જાય છે પરંતુ એ તેમને ઓળખી શકતા નથી, ત્યારે હનુમાનજી એમને બતાવે છે, કે એ જ તો પ્રભુ શ્રી રામ છે, અને એમણે સાખી લખી. ગુરુ ગોવિંદ દોનું ખડે કાકે લાગૂ પાય! બલિહારી ગુરુ આપકી ગોવિંદ દીયો બતાય. ત્યારના સાંપ્રત સમયને પરિસ્થિતિ મુજબ મોગલો નું વધતું જતુ સામ્રાજ્ય હિન્દુ સનાતન ધર્મ માટે ખતરનાક હતું, અને સનાતન ધર્મને પૃષ્ઠ કરતો આ ગ્રંથ લોકો એટલી હદે સમજી ન શક્યાં, અને અંદરોઅંદર રાજાઓના લડાઈ ઝઘડાં વધતાં ગયાં, અને એને કારણે મોગલ સામ્રાજ્ય પણ વધતું ગયું, રાજનૈતિક દ્રષ્ટિએ એ ગ્રંથને સ્વીકારવામાં ન આવ્યો હોવાથી, ઘણી મહત્વની વાત કરી હોવા છતાં આટલું લાંબુ આયુષ્ય હોવા છતાં તુલસીદાસજીને એ સમયે કોઈ પ્રસિદ્ધિ મળી નહીં! પરંતુ આજે પણ દેશમાં એ જ પરિસ્થિતિનું પૂનમ નિર્માણ થયું છે, અને આપણે આશા કરીએ કે રામચરિત માનસ જ રામરાજ્ય ની પુનઃસ્થાપના કરાવી શકે તેમ છે, તો તેને શરણે જઈએ અને પ્રભુ શ્રીરામના ચરિત્રને ઉજાગર કરતી એ ઝીણી ઝીણી વાતો ધ્યાનમાં રાખી આપણે સૌ એ મુજબ જીવીએ. સર્વપ્રથમ તો પૂજ્ય બાપુએ તમામ કથાકારનું અનુમોદન કર્યું, અને કહ્યું કે વક્તા બધા જ સિદ્ધી પ્રસિદ્ધિને લાયક હોય છે. કોઈ નાનું મોટું હોતું નથી, અને બધાએ કંઈને કંઈ શ્રેષ્ઠ વાત કહી છે, એ રૂપે મને પુષ્કળ માધુકરી મળી છે. તલગાજરડી વ્યાસપીઠે પણ પોતાની તરફથી કથાકારનો પક્ષ મુકવા માંગે છે એવું એકવાર કહ્યું હતું. કથાકાર કેવો હોવો જોઈએ, એ વિશે એમણે સુંદર વાત કરી. એમણે કહ્યું કે પાંચ વિધાથી કથા અંગીકૃત કરેલી હોય તો, તો કથા અને કથાકાર બંને શ્રેષ્ઠ કહેવાય છે. એમણે પોતાની વાત આગળ કહેતા જણાવ્યું કે, પરમ પૂજ્ય ત્રિભુવન દાદાજી અને કલિ પાવની અવતાર તુલસીદાસજી મહારાજ એ બંને એ આ વાતનું અનુમોદન કર્યુ છે. પાંચ વિધા વિશે અનુસંધાન કરતા એમણે કહ્યું કે, (૧)કથન (૨) શ્રવણ( ૩) ગાયન (૪) સુમિરન (૫) નર્તન. આ પાચેય તત્વ દરેક કથામાં મર્યાદામાં હોવાં જરૂરી છે, તો કથાકાર શ્રેષ્ઠ કથા કરે છે એમ કહેવાય. એમણે કહ્યું કે મર્યાદા એ દરેક કથાકારે ખુદ નક્કી કરવાની હોય,અને જો પ્રતિપાદિત સૂત્ર મુજબ જ કથા થાય, છતાં આલોચના થાય તો સમજવું ગાડી સહી ટ્રેક પર જા રહી હે. સમાજ બહુ ઉદાર છે, એટલે ભરી ભરીને આલોચના આપશે, પણ એ પણ એક પ્રકારનો ઉપહાર કે એવોર્ડ જ છે, એટલે એનો સાદર સ્વીકાર કરી આગળ વધવું. કુછ તો લોગ કહેંગે એ ગીતની પંક્તિ મુકી એને સિદ્ધ કર્યું. પૂજ્ય બાપુ તો બાપુ છે! વેદ, વેદાંત, ઉપનિષદ, શ્રીમદ ભાગવતને રામાયણની ચોપાઈ સાથે જોડી ને ગજબ દર્શન કરાવે, અને પાછું ગળે પણ ઉતરી જાય! હરિ વ્યાપક સર્વત્ર સમાના, પ્રેમ તે હોઈ પ્રગટ મેં જાના. ધન્ય ધન્ય થઈ જવાય એવો પ્રેમ! કોણે કહ્યું પ્રેમ સંબંધ હોય ત્યાં જ હોય! વગર સંબંધ જ્યાં પ્રેમ પલે એ જ અલૌકિક છે અને એ જ પરમાત્મા છે. આવો કેટલોય ગુપ્ત ભાવ એનાં કથાનકમાંથી તારવી કલમ બળ મેળવે છે. પૂજ્ય બાપુ કથાકોરોને બીજું કેટલુય કહેવા માંગતા હોય, એમ એમનું હદય અસમંજસ થતું હતું. કથા મંદાકિનીની આગળનાં પ્રવાહમાં જેની આપણે કથા કહેવા જઈ રહ્યા છે, એ ઈષ્ટનાં ચરણોમાં ગુણાતીત શ્રદ્ધા હોવી જોઈએ, અને એ સ્નેહ સમેત તો ખરી પણ સચેત કરનારી હોવી જોઈએ. સાધુનો સંગ હોવો જોઈએ, અને ઈષ્ટના કે પરમ શ્રદ્ધેય સદગુરુ ભગવાનના વચનોમાં પૂર્ણવિશ્વાસરૂપેનોઅનુરાગહોવો જોઈએ. કલિ પાવની અવતાર તુલસી દાસજી મહારાજનાં જન્મ મહોત્સવ અંતર્ગત બાપુની સાથે સાથે આપણે પણ પોતાની તરફથી તુલસી દલ મુકી તુલસી પર્વની પૂર્ણાહુતિ કરી. આગલા વર્ષોમાં આ પરંપરા હજી વધુ બળવાન બને એ માટેનાં પ્રયત્નો અને વધુ ને વધુ કથાકારો પરમ પૂજ્ય તુલસીદાસજી એ લખેલા પ્રભુ શ્રી રામનાં ચરિત્રની ગાથા ગાય, કારણકે રામરાજ્ય એ વગર શક્ય નથી. આપણે પણ એ પરમ પૂજનીય ચરણોમાં શત શત વંદન કરી, એમનાં શ્રી રામ ચરિત માનસની આયુ વધે લોક માનસમાં એની પ્રત્યે નીત નૂતન શ્રદ્ધા વધે એવી એક અનન્ય પ્રાર્થના મહાદેવને ચરણે રાખી, હું મારા શબ્દોને આજે અહીં જ વિરામ આપું છું, ફરી મળીશું નવા ચિંતન મનન સાથે, તો સૌને મારા આજના દિવસનાં સ્નેહ વંદન અને જય સીયારામ.

**શ્રાવણ માસના શિવ મહિમા-૦૭ : આપણે આજે શિવાલય અને શિવમંદિરનો મહિમા જાણીએ**

# શિવને આમ તો મંદિરની પણ જરૂર નથી, પથ્થરનાં ઓટલે, ઝાડની નીચે, ડુંગરની ટોચે પણ આ ભોળાનાથ બીરાજી જાય



વિશેષ
યશપાલસિંહ ટી. વાઘેલા
(દરબાર ગઢ, થરા)

**સૃષ્ટિના સંહારક શિવજીને બલ મુખ્ય દેવોમાંના એક માનવામાં આવે છે, અન્ય દેવોની જેમ શિવને મૂર્તિ રૂપે નહી પૂજતા તેમનું પૂજન લિંગ સ્વરૂપે કરવામાં આવે છે, શિવ પરિવારમાં ભગવાન શંકર માતા પાર્વતી અને તેમના પુત્રો ગણેશ અને કાર્તિકેયનો સમાવેશ થાય છે, શિવજીની એક પુત્રી ઓખાનો પણ પુરાણોમાં ઉલ્લેખ જોવા મળે છે, પરંતુ સામાન્ય રીતે શિવ પરિવારમાં તેમની ગણતરી કરવામાં આવતી નથી.**

શ્રાવણ માસના સાતમા દિવસનો આજે શિવાલયમાં શિવલિંગ પર અભિષેક થઈ રહ્યો છે. આપણે શ્રાવણ માસમાં શિવ મહિમા છ માં તડકેશ્વર મહાદેવ તીર્થનો મહિમા જાણ્યો. આજે શ્રાવણ માસમાં શિવ મહિમા -૦૭ શિવાલય-શિવમંદિરનો મહિમા જાણીએ. સૃષ્ટિના સંહારક શિવજીને બલ મુખ્ય દેવોમાંના એક માનવામાં આવે છે. અન્ય દેવોની જેમ શિવ ને મૂર્તિ રૂપે નહી પૂજતા તેમનું પૂજન લિંગ સ્વરૂપે કરવામાં આવે છે.શિવ પરિવારમાં ભગવાન શંકર માતા પાર્વતી અને તેમના પુત્રો ગણેશ અને કાર્તિકેયનો સમાવેશ થાય છે.શિવજીની એક પુત્રી ઓખાનો પણ પુરાણોમાં ઉલ્લેખ જોવા મળે છે, પરંતુ સામાન્ય રીતે શિવ પરિવારમાં તેમની ગણતરી કરવામાં આવતી નથી.આ ઉપરાંત શિવ મંદિરોમાં હનુમાનજી કાચબો અને પોઠીયો પણ શિવ પરિવારની સાથે જોવા મળે છે. દક્ષિણ ભારત માં કાર્તિકેયને મુરુગન સ્વામી તરીકે ઓળખવામાં આવે છે. ગુજરાતમાં હનુમાનજી અને ગણેશજીનાં અલાયદા મંદિરો પણ જોવા મળે છે પરંતુ કાર્તિકેયનું અલાયદુ મંદિર જોવા મળતું નથી કે નથી તો તે શિવાય શિવ મંદિરમાં જોવા મળતાં, તેનુ કારણ એ છેકે ગુજરાતમાં કાર્તિકેયની દેવ તરીકે પૂજા થતી નથી.ભગવાન દત્તાત્રેય ને કાર્તિકેય નો અવતાર માનવામાં આવતો હોવાથી,તેમના અનુયાયી ઓ કાર્તિકેયની પૂજા કરતા હોય છે. ભગવાન શિવના મંદિરને શિવા લય અથવા શિવ મંદિર કહેવામાં આવે છે.બીજી એક એ પણ ખાસિયત છે કે અન્ય દેવી દેવતા ઓનું સ્થાપન મંદિરોમાં મૂર્તિ સ્વરૂપે થાય છે પરંતુ અજન્મા એવા ભગવાન શિવનું સ્થાપન લિંગ સ્વરૂપે થાય છે.ભગવાન શિવ તો એવા દેવ છેકે જેમણે હંમેશા માણસોની વસ્તીથી અલગ અને એકાંત જગ્યા વધારે પસંદ કરી છે. તેવી જ રીતે તેમના શિવા લયો પણ જંગલ અથવા તો ગામ થી ઘોડા દુર જોવા મળે છે. મહાદેવનાં શણગાર તથા પૂજન વિધિમાં પણ જંગલની કુદરતી વસ્તુઓનો જ ઉપયોગ જોવા મળે છે. જેમાં વનનાં ફુલો ધતુરો, બીલીપત્ર, રૂદ્રાક્ષ શાગાર તરીકે, શરીર ઉપર ભસ્મનું લેપન, વાહનમાં પોઠીયો, વગાડવામાં ડમરૂ, શરીરે જટાજુટ સર્પોની માળા અને પોશાકમાં હાથી કે વાઘનું ચામડું હોય છે. પૂજન વિધિમાં પાણીનો લોટો અને થોડા બીલીપત્રનાં પાન. શિવને આમ તો મંદિરની પણ જરૂર નથી, પથ્થરનાં ઓટલે, ઝાડની નીચે, ડુંગરની ટોચે પણ આ ભોળાનાથ બીરાજી જાય છે. સ્વયંભૂ ગણાતા બ્રહ્મા,વિષ્ણુ અને મહેશમાં શંકરને સદા શિવ કહેવાય છે. શિવનું મંદિર શાસ્ત્રો કત દ્રષ્ટિએ જીવનમાં માનવ દેહ અને મનનું પ્રતીક અને ભાવના બની રહે છે. સર્વનું કલ્યાણ કરનારા શિવનાં શિવાલયમાં વાસ્તુ શાસ્ત્ર-શિલ્પ કલા વિધાનમાં તેમજ માનવ જીવન માટે આશિષ ગણાતી અષ્ટાંગ યોગ કલ્પના સાકાર થાય છે.ગુજરાતનાં પ્રદેશોમાં થતાં શિવાલયની રચના બાંધ કામ નીચે મુજબ હોય છે. શિવાલયની રચના બે ભાગમાં હોય છે જેમાં આગળનો ભાગ મંદિર અને અંદરનો ભાગ ગર્ભગૃહ (ગર્ભાગાર-ગભારો) કહેવાય છે. જેમાં મનુષ્યના જન્મથી અંત સુધીના સંસ્કાર તેમાં પ્રગટ થાય છે શિવાલયમાં આગળનાં ભાગમાં કાલ ભૈરવનું સ્થાપન કરવામાં આવે છે.જે યમનું પ્રતીક માનવા માં આવે છે. દેહ સાથે જોડાયેલી મૂત્યુની વાત જન્મતા જ જાણી લેવી જોઈએ. જે જોયું તે જાય એ ચરિતાર્થ કરવા માટે શરૂઆત માં જ કાલ ભૈરવની મૂર્તિ હોય છે. તે મૃત્યુના પ્રતીક રૂપે છે. શિવાલયમાં પ્રથમ ભાગ એવા મંદિરમાં પ્રવેશતા પોઠીયાનું સ્થાપન થાય છે. જે પરિશ્રમ અને ભારવહનનાં પ્રતીક તરીકે ઓળખાય છે. તેના સ્થાપન દ્વારા એવુ સમજાવાય છે કે જીવનમાં પોતાના ફાળે આવેલ કોઈપણ કામ લાલચ કે લાલસા વગર કરવુ પ્રગટ કરે છે. જોઈએ, શિવાલયમાં પોઠીયા પછી કાચબાનું સ્થાપન કરવામાં આવે છે. કાચબો પોતાની બધી જ બહારની ઈન્દ્રિયોનેસંકોરી પોતાની જાતમાં સમાવી શકે છે. મનુષ્ય માટે પણ બહારની ઈન્દ્રિયો (આંખ, કાન, જીભ, હાથ અને પગ) ઉપર કાબુ અને સંયમ આવશ્યક છે. પોતાની જાત સંકોરી ચાલવાની વાત સમાજમાં પ્રચલિત છે. જે કાચબાનાં સ્થાપન દ્વારા પ્રમાણિત થાય છે. શિવાલયમાં કાચબાની ડાબીબાજુ એ ઉત્તર દિશા બાજુ મુખે ગણેશનું સ્થાપન કરવામાં આવે છે.ગણેશ વિઘ્નોનાં હરનાર કહેવાય છે. ગણપતિમાં બીજાની નાનામાં નાની વાત સાંભળીને પેટમાં રાખવાની ટેવ, પરિસ્થિતિનો ક્યાસ કાઢતા અને ઝીણી નજરે નીરખવાની ટેવ છે, જે દરેક મનુષ્ય માં હોવી જોઈએ. એ રીતે ગણેશનાં કાન મોટા, આંખ નાની, પેટ મોટું રખાયા છે. તે ઉપરાંત ગણેશ પ્રજ્ઞા-બુધ્ધિના દેવ ગણાય છે. મનુષ્ય માટે બુધ્ધિ જીવન જીવવાની આવડતમાં આવશ્યક વસ્તુ છે. શિવાલયમાં ગણેશજી ની બરોબર સામેની બાજુ એટલે કે દક્ષિણ દિશા બાજુ મુખે હનુમાનજીનું સ્થાપન કરવામાં આવે છે.હનુમાન બ્રહ્મચર્ય-શક્તિ અને સેવાનાં ઉદા હરણ રૂપે છે. જે મનુષ્યને જીવન જીવવામાં એક આદર્શરૂપ નિવડે છે. શિવાલયનાં બીજા ભાગમાં ગર્ભ દ્વારનાં ઉંબરે વાઘનાં શિલ્પોનું સ્થાપન કરવામાં આવે છે. ગર્ભદ્વારનાં ઉંબરાની બન્ને બાજુ વાઘના શિલ્પો કંડારેલા હોય છે. વાઘ ચોકસાઈ અને ધારણાવાળું પ્રાણી છે જેનું નિશાન ઘણું ચોક્કસ હોય છે જે ભાગ્યેજ ખાલી જાય છે, મનુષ્યએ પણ પોતાના જીવનનાં ચોક્કસ ધ્યેયો ચોકસાઈથી પાર પાડવા જોઈએ શિવાલયનાં ગર્ભાગારની બરોબર વચ્ચે ભગવાન શિવનું લિંગની સ્થાપના કરવામા આવે છે. શિવના લિંગના સ્થાપનની એક ખાસ વિશેષતા છેકે ભગવાન શિવ અજન્મો છે તેથી તેના સ્થાપન સમયે તે લિંગનો પ્રવેશ દરવાજેથી થતો નથી પરંતુ તે મંદિરનાં ગર્ભા ગારની ટોચેથી કરવામાં આવે છે. શિવલિંગ હૃદય અને આત્માનું પ્રતીક છે.શિવાલયમાં શિવલિંગની ફરતે થાળુ અને ઉપર જળાધારી તથા સર્પનું સ્થાપન કરવામાં આવે છે. તેમાં થાળુ શિવલિંગની ફરતે ગોળાકાર લિંગનાં માપ જેટલુ વધારે હોય છે. શિવલિંગ ઉપર જે પાત્ર લટકાવવામાં આવે છે તેને જળાધારી કહે છે. જેમાં પાણી ભરીને લિંગ(ઉપર સતત અભિષેક થાય છે. આ ઉપરાંત ભકતો દ્વારા કરવામાં આવતા પાણી અને દુધનાં અભિષેકનાં પ્રવાહીને વહેવા માટેની જગ્યા કરવામાં આવે છે. જેને ઉતર દિશામાં ગર્ભાગારની બહાર કાઢવામાં આવે છે. જયાં નાની કુંડી કરીને તેમાં સમાવી દેવા માં આવે છે. આમ થાળુ અને જળાધારી કુંડલીની શક્તિ (દેહમાં રહેલી આંતર ચેતના) દર્શાવે છે. જયારે શિવલિંગ ઉપર સર્પ એટલે કે નાગનું છત્ર હોય છે. જે જાગૃતિ અને ચંચળતાને શિવાલયમાં શિવ લિંગની બરોબર પાછળ પાર્વતીની મૂર્તિનું સ્થાપન કરવામાં આવે છે. જે ભક્તિ અને નમ્રતાનાં પ્રતીક રૂપે છે. પાર્વતી શ્રધ્ધા અને ભક્તિ ના ગુણો પ્રગટ કરે છે. મનના આંતરિક ગુણોમાં ભક્તિ, શ્રધ્ધા, નમ્રતા અને તપ જરૂરી ગણાય છે. આમ, શિવાલયની રચના મનુષ્યનાં જીવનમાં મૃત્યુ, પરિશ્રમ,ઇન્દ્રિય, બુદ્ધિ, સેવા, શક્તિ, જાગૃતિ, શ્રધ્ધા, ભક્તિ, તપ અને મુક્તિની આવશ્ય ક્તા સમજાવવામાં આવી છે. શિવાલય મનુષ્યના દેહ મનની આવશ્યક ગુણવત્તાનું પ્રતીક બની રહે છે. ભસ્મ અને ચંદન રાગ-વૈરાગ્ય વચ્ચેની સમદષ્ટિ પ્રગટ કરે છે, સિદ્ધિ અને મુક્તિ પણ આપે છે આ અંગેની વિધ્ધેશ્વર સંહિતાની કથા સુતજીએ કહી સંભળાવી. વાચક ચાહક શિવ ભક્તિમાં લીન ભાવિક ભકતો આપણે શ્રાવણ માસમાં શિવ મહિમામાં સદા શિવ ભોળાનાથ દેવાધિદેવ મહાદેવનું કલમ થકી ગુણગાન કરી રહયા છીએ ક્યાંક ક્ષતિ જણાય કે આનાથી વિશેષ કંઈક જાણતા હોય તો શાંત હદય મનને આરાધના ઉપાસના કરી સુખ શાંતિ મેળવશો તેવી શુભેચ્છા સહ.. હર હર મહાદેવ..

# સવારના સમયમાં હાસ્ય ધ્યાન યોગ કરવામાં આવે તો દિવસભર સ્ફર્તિ

## નિયમિત રીતે હાસ્ય ધ્યાન યોગથી કરવાથી શરીરમાં કેટલાક હકારાત્મક હાર્મોન નિકળે છે જેનાથી લાભ અને ઘણી બિમારીઓ પણ દૂર થાય છે

હાસ્ય કેટલીક બિમારીના ઈલાજ તરીકે છે. આ બાબત તો પહેલા પણ પુરવાર થઇ ચુકી છે. અમારા શરીરની માંસપેશિઓ, આંખ, હાર્ટની માંસપેશિઓને હાસ્યના કારણે આરામ મળે છે. યુનિવર્સિટી ઓફ મેરીલેન્ડ દ્વારા કરવામાં આવેલા એક નવા અભ્યાસમાં દાવો કરવામાં આવ્યો છે કે ખુલીને હંસનાર લોકોની લોહીની ગતિ શરીરમાં વધારે યોગ્ય હોય છે. બ્લડ સર્ક્યુલેશન ખુબ શાનદાર રહે છે. ૧૦ મિનિટ સુધી હંસવાથી આપને બે કલાક સુધી પિડાથી રાહત મળે છે. સાથે સાથે શરીરની રોગ પ્રતિકારક ક્ષમતામાં વધારો થાય છે. નિષ્ણાંતો કહે છે કે જે લોકો વધારે હંસે છે તે લોકો લાંબા સમય સુધી યુવા દેખાય છે. હંસવા માટેના બીજા કેટલાક કારણ રહેલા છે. ફિજિયોથેરાપી નિષ્ણાંત તબીબો કહે છે કે સવારના સમયમાં જો હાંસ્ય ધ્યાન યોગ કરવામાં આવે તો દિવસ દરમિયાન પ્રસન્નાતા રહે છે. સ્ફર્તિ પણ રહે છે. આ



યોગ્ય વેળા શરીરમાં કેટલાક હાર્મોન સ્રાવ થાય છે. જેના કારણે ડાયાબિટીસ, કમરના દુખાવા અને અન્ય બિમારીમાં ફાયદો મળે છે. હંસવાથી હાર્ટ પણ સ્વસ્થ રહે છે. લોહી પરિભ્રમણ સુધરે છે. હંસવાની સ્થિતીમાં શરીરમાંથી એન્ડોર્ફિન નામના રસાયણ નિકળે છે. જે હાર્ટને મજબુત કરવામાં ભૂમિકા અદા કરે છે. હંસવાથી હાર્ટ અટેકની સંભાવના પણ ઘટી જાય છે.લાફિંગને બેસ્ટ થેરાપી તરીકે એમ જ ગણવામાં આવે છે તેમ નથી. સ્ટ્રેસમાંથી રાહત અપાવવાની સાથે સાથે ૧૦ મિનિટ સુધી સતત હંસવાના કારણે ૨૦થી ૩૦ કેલરી બર્ન થાય છે. એટલે કે દરરોજ એક કલાક હંસવામાં આવે તો ૪૦૦ કેલરી બર્ન થાય છે. આવી સ્થિતીમાં જો તમે શરીરના વજનને ઘટાડી દેવામાં લાગેલા છો તો કેલરી બર્ન કરવા માટે હંસતા રહેવાની જરૂર હોય છે. કમરની પિડામાં રાહત આપવા માટે હંસવાની બાબત શ્રેષ્ઠ વિકલ્પ તરીકે છે. હંસવાથી ઓક્સિજન વધારે પ્રમાણમાં મળે છે. ઓક્સિજનની ઉપસ્થિતીમાં કેન્સરવાળી કોશિકા અને અન્ય પ્રકારના હાનિકારક બેક્ટિરિયા અને વાયરસ નષ્ટ થઈ જાય છે. આના કારણે રોગ પ્રતિકારક ક્ષમતા વધી જાયછે. ટેન્સન દુર થઈ જાય છે. તાજેતરમાં જ કરવામાં આવેલા રસપ્રદ અભ્યાસમાં જાણવા મળ્યું છે કે ખુશી પેનકિલર જેવું કામ કરે છે. દરેક પ્રકારની પીડાને દૂર રાખવા માટે ખુશી હોવી જરૂરી છે. આરોગ્ય માટે હાસ્ય દવાની જેમ કામ કરે છે. જે રીતે ટેન્શન અથવા તો દુઃખ વ્યક્તિના આરોગ્ય ઉપર નકારાત્મક અસર કરે છે. તેવી જ રીતે હાસ્ય આરોગ્ય ઉપર હકારાત્મક અસર કરે છે. સામાન્ય શબ્દોમાં કહેવામાં આવે તો હાસ્યથી બ્લડમાં વધારો પણ થાય છે. આ સંબંધમાં થોડાક દિવસ પહેલાં જ એક અભ્યાસ કરવામાં આવ્યા બાદ તબીબો એવા તારણો ઉપર પહોંચ્યા હતા કે હાસ્ય પેન કિલર જેવું કામ કરે છે. હાસ્યથી પીડામાં ઘટાડો થાય છે. આમા એમ પણ જણાવવામાં આવ્યું છે કે આધુનિક સમયમાં ઘણી જગ્યાઓએ લાફટર ક્લબ પણ ચાલી રહી છે. આ ઉપરાંત જુદી જુદી સંસ્થાઓમાં પણ સવારમાં અને રાત્રે વિશેષ પ્રકારનું આયોજન હાસ્ય કાર્યક્રમ સાથે યોજવામાં આવે છે.

### હાર્ટ અટેકની સંભાવના પણ ઘટી જાય છે

**નિષ્ણાંતોએ સમર્થન પણ આપ્યું છે. અભ્યાસ મુજબ થાકના કારણે શરીરમાં એન્ડોફિન નામના હાર્મોનના ફેલાવાની વાત પણ જાણવા મળી છે જે ઊંઘ જેવી અસર કરે છે અને અમે પીડામાં ઘટાડાનો અનુભવ કરવા લાગી જઈએ છીએ. લાફ્ટર ઇઝ એ બેસ્ટ મેડીસીન જેવી વાત અભ્યાસમાં પહેલાં પણ સપાટી ઉપર આવી ચૂકી છે. આ અભ્યાસને હાથ ધરતીવેળા મોટી સંખ્યામાં લોકોના અભિપ્રાય લેવામાં આવ્યા હતા. એવા લોકોના અભિપ્રાય લેવામાં આવ્યા હતા જે નિયમિત રીતે હાસ્ય અને ખુશીની પ્રવૃત્તિ માટે જુદી જુદી સંસ્થાઓમાં જતા હોય છે. આ ઉપરાંત આવી કોઈ પ્રવૃત્તિ સાથે નહીં સંકળાયેલા લોકોને પણ આમા આવરી લેવામાં આવ્યા હતા.**

# શેમ્પુ નહીં પરંતુ વાળને પોષક તત્વ જરૂરી છે

હાલમાં જ કરવામાં આવેલા અભ્યાસમાં દાવો કરવામાં આવ્યો છે કે નખની જેમ જ વાળમાં પણ ૯૫-૯૮ ટકા સુધી પ્રોટીન હોય છે. વાળને લાંબા અને મજબુત તેમજ ઘેરા બનાવવા માટે શેમ્પુ નહીં બલ્કે પોષક તત્વો જરૂરી હોય છે. શરીરમાં વિટામિન સીની કમી થવાના કારણે વાળ નબળા પડી જાય છે. જડ નબળી થવાના કારણે વાળ ખરવા લાગી જાય છે. તમામ પ્રકારના એમિનો એસિડ વાળના જતન માટે જરૂરી હોય છે. નવા અભ્યાસમાં દાવો કરવામાં આવ્યો છે કે આધુનિક સમયમાં યુવતિઓ હેયર સ્ટ્રેટનરનો ઉપયોગ વધારે કરવા લાગી ગઈ છે. જો કે આનો ઉપયોગ ખતરનાક સાબિત થાય છે. વાળને નુકસાન કરે છે. હેયર સ્ટ્રેટનરનો ઉપયોગ ન કરવાની સલાહ નિષ્ણાંત લોકો આપે છે. મેડિકલ ટ્રિટમેન્ટથી પણ તે સરળતાથી ઠીક થતા નથી. પૌષ્ટિક સંતુલિત ભોજન ખુબ જરૂરી હોય છે. ભોજનમાં પુરતા પ્રમાણમાં લીલા શાકભાજી, સલાડ, અંકુરિત અનાજ, દુધ, દહી, દાળ, ઈન્ડા, ભાત અને લોટની રોટલી ખાવાથી ફાયદો થાય છે. ફાયબરયુક્ત ભોજન કરવાની સાથે સાથે પુરતા પ્રમાણમાં પાણી નિયમિત રીતે પીવાથી ફાયદો થાય છે. હેલ્થી હેયરને લઈને આધુનિક સમયમાં મોટા ભાગના લોકો પરેશાન છે. યુવક અને યુવતિઓ તમામ લોકો હેયર માટે જંગી નાણાં પણ ખર્ચ કરે છે. નાની વયમાં વાળ ખરી પડવાની બાબત પણ હાલમાં જોવા મળી રહી છે. શેમ્પુ નહીં બલ્કે પોષક તત્વો હેલ્થી હેયર માટે વધારે જરૂરી છે. હાલમાં જ કરવામાં આવેલા નવા અભ્યાસમાં આ મુજબનો દાવો કરવામાં આવી રહ્યો છે. વાળમાં દહીં લગાવવાના ઘણા ફાયદાઓમાં વાળના વિકાસને વેગ આપવા, વાળને મોઈશ્ચરાઈઝ કરવા અને ખંજવાળવાળા ખોપરી ઉપરની ચામડીની સારવારનો સમાવેશ થાય છે. ભલે તમે તેનો ઉપયોગ કન્ડિશનર, માસ્ક અથવા ટ્રીટમેન્ટ તરીકે કરો, દહીં એ વાળની સંભાળની કોઈપણ પદ્ધતિનો શ્રેષ્ઠ વિકલ્પ છે.

# કેન્સરના દર્દીઓને શરાબની દુર રહેનાની ખાસ જરૂર છે

અમેરિકન કેન્સર સોસાયટી દ્વારા તાજેતરમાં જ અભ્યાસ કરવામાં આવ્યા બાદ કેન્સરના દર્દીઓને કેટલાક સૂચનો કરીને નવી માર્ગદર્શિકા જારી કરી હતી. વધુ લાંબા સમય સુધી કેન્સરના દર્દીઓ સારી લાઈફ ગાળી શકે અને આરોગ્યને પણ સાચવી શકે તે બાબતોનો આમા ઉલ્લેખ કરવામાં આવ્યો છે. અમેરિકન કેન્સર સોસાયટીએ જે માર્ગદર્શિકા જારી કરી છે તેમાં કેન્સરના દર્દીઓને ફળફળાદી, શાકભાજી અને અનાજ પૂરતા પ્રમાણમાં ભોજનમાં લેવા માટેની સલાહ આપી છે. સાથે સાથે આરોગ્ય જાળવી શકે તેવા વજનની જાળવણી કરવા તથા નિયમિત રીતે કસરત કરવાની સલાહ પણ આપવામાં આવી છે. ઉપરાંત કેન્સરના દર્દીઓ પોતાના આયુષ્યને લંબાવી શકે તે માટે આ દર્દીઓને શરાબને ટાળવાની સલાહ પણ આપવામાં આવી છે. શરાબના શોખીન કેન્સર દર્દીઓને જો શરાબ ન ટાળીશકતા હોય તો ઓછા પ્રમાણમાં આનો ઉપયોગ કરવાની પણ સલાહ આપવામાં આવી છે. હેલ્થી લાઈફ સ્ટાઈલ હમેશા ચોક્કસ પ્રકારના કેન્સરને રોકવામાં મહત્વપૂર્ણ ભૂમિકા અદા કરે છે. અમેરિકન કેન્સર સોસાયટીએ નવી માર્ગદર્શિકામાં ઘણી બાબતો રજૂ કરી છે. આમા કિડની, સ્તન કેન્સર, પેનક્રિયાસ કેન્સર અને કોલોન કેન્સર સહિત ચોક્કસપ્રકારના કેન્સરને હેલ્થી લાઈફ સ્ટાઈલ રોકી શકે છે પરંતુ પહેલાથી જ કેન્સરથી ગ્રસ્ત થઈ ગયેલા લોકોને કેન્સરથી બચવા માટે મહત્વપૂર્ણ સલાહ



તબીબના આધાર ઉપર લેવી જોઈએ. છેલ્લા પાંચ વર્ષના ગાળામાં ૧૦૦થી વધુ અભ્યાસ કરવામાં આવ્યા બાદ સૂચનો તૈયાર કરવામાં આવ્યા હતા જેમાં જણાવામાં આવ્યું છે કે હેલ્થી ડાઈટ, નિયમિત કસરત અને વજનને અંકુશમાં રાખીને કેન્સર ફરી થવાના ખતરાને ઘટાડી શકાય છે. સાથે સાથે મોતના જોખમને પણ ઘટાડી શકાય છે. કેન્સરની સારવાર દરમિયાન હળવા પ્રમાણમાં કસરત હતાશા અને થાકને દૂર કરવામાં ભૂમિકા ભજવે છે. હાર્ટની સ્થિતિને પણ સુધારે છે. સાથે સાથે સ્નાયુઓને મજબૂત બનાવે છે. માર્ગદર્શિકામાં પૂરક તત્ત્વો કરતા ખાદ્યાન ચીજવસ્તુઓમાંથી જરૂરી ચીજવસ્તુ વધુ પ્રમાણમાં લેવાની સલાહ પણ આપી છે. કારણ કે ચોક્કસ પૂરક તત્ત્વો ચોક્કસ પ્રકારના કેન્સરની સારવારમાં ઉપયોગી બને છે.

# જળવાયુ પરિવર્તનથી હિમાલય ગ્લેશિયર પર સીધી અસર

જળવાયુ પરિવર્તનના કારણે કેટલાક ફેરફાર થઈ રહ્યા છે. જળવાયુ પરિવર્તનના પરિણામસ્વરૂપે હિમાલયમાં ગ્લેશિયર ઝડપથી ઓગળી રહ્યા છે. આના કારણે ભારત, પાકિસ્તાન અને નેપાળના જુદા જુદા હિસ્સામાં પાણીનુ પ્રમાણ ઓછુ રહેશે. એક નવા અભ્યાસમાં દાવો કરવામાં આવ્યો છે કે જળવાયુ પરિવર્તનના કારણે આવનાર સમયમાં પાણીની કટોકટી ઉભી થઈ શકે છે. અમેરિકામાં ઓહિયો સ્ટેટ યુનિવર્સિટીના અભ્યાસમાં કેટલાક પરિબળોને ધ્યાનમાં લેવામા આવ્યા બાદ તેમાં અભ્યાસની કામગીરી હાથ ધરવામાં આવી હતી. જેના આધાર પર આ ચેતવણી જારી કરવામાં આવી છે. જળવાયુ પરિવર્તનના અન્ય ઘાતક પરિણામ પહેલા જ વિશ્વમાં જોવા મળી રહ્યા છે. જેના કારણે કેટલીક જગ્યાએ વધારે પડતો વરસાદ તઈ રહ્યો છે. કેટલીક જગ્યાએ કમોસમી વરસાદ થઈ રહ્યો છે. જળવાયુ પરિવર્તનથી એન્ડીજ માઉન્ટેન અને તિબેટ પઠારના બાશિન્દો પર સીધી અસર થઈ રહી છે. ઓહિયો સ્ટેટ યુનિવર્સિટીમાં પર્યાવરણ વૈજ્ઞાનિક દ્વારા કહેવામાં આવ્યુ છે કે સૌથી ખરાબ હાલત રહેશે તો તેના બે તૃતિયાશ હિસ્સાને ગુમાવી દેવાની પણ ફરજ પડી શકે છે. શોધ કરનાર લોકોનુ કહેવુ છે કે જળનો પુરવઠો ઘટી રહ્યો છે. જ્યારે વસ્તી વધવાના કારણે માંગ સતત વધી રહી છે. સૌથી મહત્વપૂર્ણ બાબત એ છે કે પેરૂમાં ગ્લેશિયર ઓગળી જવાના કારણે હાલત કફોડી બની રહી છે. શોધ કરનાર લોકો માની રહ્યા છે કે તાત્કાલિક રીતે ધ્યાન આપવાની જરૂર દેખાઈ રહી છે. અહી હજારો ગ્લેશિયર રહેલા છે. જેના કારણે અફઘાનિસ્તાન, ભુટાન, ચીન, નેપાળ, ભારત અને પાકિસ્તાનનો સમાવેશ થાય છે. તજાકિસ્તાનને પણ જળ પુરવઠો ઉપલબ્ધ કરાવી દેવામાં આવે છે. શોધ કરનાર લોકો તિબેટના વિસ્તાર, એન્ડીઝ માઉન્ટેનમાં પણ શોધ કરી રહ્યા છે.

BOLLYWOOD NEWS FLASH



આદિત્ય રોય કપૂર સાથે બ્રેક અપ બાદ અનન્યા અને વોકર વચ્ચે નિકટતા વધી

# અમેરિકન મોડેલને પાર્ટનર તરીકે અનન્યા પાંડેએ પસંદ કર્યો છે

અનન્યા પાંડે અને આદિત્ય રોય કપૂર વચ્ચેની નિકટતા જગજાહેર હતી. અનન્યાના પિતા ચંકી પાંડે સહિતનો પરિવાર બંનેના સંબંધો અંગે જાણતો હતો અને આદિત્યને પસંદ પણ કરતો હતો. પાંડે પરિવારની વેકેશન ટૂરમાં પણ આદિત્ય સાથે જોવા મળ્યો હતો. વોકર બ્લાન્કો અમેરિકાના શિકાગોમાં રહે છે, ફેસબુક પ્રોફાઈલ મુજબ, તેનું મોટાભાગનું જીવન મિયામી-ફ્લોરિડામાં વીત્યું છે. આમ, અનન્યા-આદિત્યની જોડી લાંબો સમય ટકી રહે તેવી શક્યતા હતી. જો કે આ સંબંધ લાંબુ ટક્યો નહીં અને તેમની વચ્ચે બ્રેક અપ થયું. અનન્યા લાંબો સમય સિંગલ રહી અને પોતાની પસંદગીના પાર્ટનરની શોધ ચાલુ રાખી. દરમિયાન અમેરિકન મોડેલ વોકર સાથે તેનો પરિચય થયો અને નિકટતા વધી. તાજેતરમાં અનંત અંબાણીના વેડિંગ ફંક્શનમાં અનન્યા અને વોકર સાથે જોવા મળ્યા હતા. અનન્યાએ પાર્ટનર તરીકે આ ફંક્શનમાં વોકરનો પરિચય કરાવ્યો હતો. વોકર બ્લાન્કો અમેરિકાના શિકાગોમાં રહે છે. ફેસબુક પ્રોફાઈલ મુજબ, તેનું મોટાભાગનું જીવન મિયામી-ફ્લોરિડામાં વીત્યું છે. તેણે અભ્યાસ ફ્લોરિડામાં કરેલો છે. વોકર અગાઉ મોડેલ રહી ચૂક્યો છે અને કેટલાક રિપોર્ટ્સ મુજબ હવે તે અંબાણી પરિવાર સાથે વનતારા જામનગરમાં કામ કરે છે. વોકર પ્રાણી પ્રેમી વ્યક્તિ છે અને ટ્રાવેલનો શોખ છે. વોકર અને



અનન્યાની મુલાકાત એક ક્રૂઝ પર થઈ હતી અને તેઓ ખૂબ ઝડપથી નિકટ આવ્યા હતા. અનંત અંબાણીના વેડિંગમાં અનન્યા અને વોકર સાથે ખૂબ નાચ્યા હતા. અનન્યાએ આ પ્રસંગે અનેક લોકોને વોકરનો પરિચય પોતાના પાર્ટનર તરીકે આપ્યો હોવાનું કહેવાય છે. ઉલ્લેખનીય છે કે, માર્ચ મહિનામાં અનન્યા અને આદિત્ય છૂટા પડ્યા હતા. છૂટા પડ્યા બાદ પણ તેમની વચ્ચે મિત્રતા રહી છે અને એકબીજાને દુભવ્યા વગર તેઓ આગળ વધ્યા છે. અનન્યાના જીવનમાં વોકરનું આગમન થયું હોવાની માહિતી બહાર આવી છે, પરંતુ આદિત્યની પર્સનલ લાઈફ અંગે હજુ અપડેટ આવી નથી.

### ‘બરઝખ’ના યુટ્યુબ પરથી શો હટાવવાની જાહેરાત

# ‘બરઝખ’ સ્ટ્રીમના બોલ્ડ કન્ટેન્ટને લઈને પાકિસ્તાનમાં હંગામો થયો

## જ્યારથી સનમ સઈદ અને ફવાદ ખાનનો શો ‘બરઝખ’ સ્ટ્રીમ થયો છે ત્યારથી તેના બોલ્ડ કન્ટેન્ટે પાડોશી દેશ પાકિસ્તાનમાં હલચલ



જ્યારથી સનમ સઈદ અને ફવાદ ખાનનો શો ‘બરઝખ’ સ્ટ્રીમ થયો છે ત્યારથી તેના બોલ્ડ કન્ટેન્ટે પાડોશી દેશ પાકિસ્તાનમાં હલચલ મચાવી દીધી છે. બરઝાખના અંતરંગ દ્રશ્યો હોય કે પછી ગે કપલ વચ્ચેનો રોમાંસ હોય, તેણે પાકિસ્તાની લોકોને દંગ કરી દીધા છે.પાકિસ્તાનના લોકોએ સોશિયલ મીડિયા પર આ શોને જોરદાર ટ્રોલ કર્યો. આમાં માત્ર પબ્લિક જ નહીં પણ મોટી ફિલ્મી હસ્તીઓ પણ સામેલ હતી. ફવાદ અને સનમને પણ આવા શો સાઈન કરવા બદલ ટ્રોલ કરવામાં આવ્યા હતા.પાકિસ્તાનમાં શો બંધ થઈ ગયોસતત થઈ રહેલી ટીકાને જોતા હવે ઝિંદગી ચેનલ અને બરઝાખની ટીમે મોટો નિર્ણય લીધો છે. ઝી જીંદગી ચેનલે તેના ઈન્સ્ટા એકાઉન્ટ પર પાકિસ્તાની યુટ્યુબ પરથી શો બજરખ હટાવવાની જાહેરાત કરી છે.નિવેદનમાં લખ્યું છે - ઝિંદગી અને બરઝાખની ટીમ સમગ્ર વિશ્વના પ્રેક્ષકોનો હૃદયપૂર્વક આભાર માને છે જેમણે શોને અતૂટ સમર્થન આપ્યું છે. આ શો લોકોને એક સાથે લાવવાના હેતુથી બનાવવામાં આવ્યો હતો. પરંતુ પાકિસ્તાનના લોકોની ભાવનાઓને ધ્યાનમાં રાખીને અમે ૯ ઓગસ્ટ ૨૦૨૪થી યુટ્યુબ પાકિસ્તાન પરથી બર્ઝખને હટાવવાનો નિર્ણય લીધો છે. આ નિર્ણય કોઈ પણ જાતના છૂટાછેડા વિના લોકો પ્રત્યેનું આપણું સમર્પણ બતાવવા માટે લેવામાં આવ્યું છે. ાકિસ્તાની લોકો ટ્રોલ થયા પાકિસ્તાની પ્લેટફોર્મ પરથી શોને હટાવ્યા બાદ યુઝર્સ તરફથી પ્રતિક્રિયાઓ પણ આવવા લાગી છે. પાકિસ્તાની ડ્રામા શોના કન્ટેન્ટ પર લોકોએ સવાલ ઉઠાવ્યા છે. જ્યાં ઘરેલુ હિંસાનું ભારે વખાણ કરવામાં આવે છે. વપરાશકર્તાઓ પૂછે છે કે શા માટે લોકો કાલ્પ નિક શોને વ્યક્તિગત રીતે લે છે. ઘણા લોકો એવું પણ માને છે કે પાકિસ્તાની પ્લેટફોર્મ પ રથી આ શો પર પ્રતિબંધ મુકવામાં આવ્યો હોવા છતાં પણ લોકો બરઝાખને ગુપ્ત રીતે જોશે અને પ્રતિક્રિયા આપશે. ઝાખના અત્યાર સુધીમાં ૬ એપિસોડ સ્ટ્રીમ કરવામાં આવ્યા છે. આ અંગે ભારે હોબાળો થયો છે. આ શોનું નિર્દેશન અસીમ અબ્બાસીએ કર્યું છે. તાજેતરના એપિસોડમાં, એક ગે યુગલ વચ્ચેની આત્મીયતા બતાવવામાં આવી હતી. પાકિસ્તાનના લોકોએ તેનો વિરોધ કર્યો હતો. નિર્માતાઓ પર દેશની સંસ્કૃતિ અને ભાવનાઓને ઠેસ પહોંચાડવાનો આરોપ છે. આ શો દ્વારા ફવાદ ખાન અને સનમ સઈદ ૧૨ વર્ષ પછી પડદા પર સાથે આવ્યા હતા.

### ભારે વરસાદના કારણે ફિલ્મના સેટને નુકસાન થયુ હતું, જેના કારણે શૂટિંગ રોકવુ પડ્યું છે

# વરસાદના કારણે ‘વેલકમ ટુ ધ જંગલ’ના સેટને નુકસાન

અક્ષય કુમારની બિગ બજેટ ફિલ્મ ‘વેલકમ ટુ ધ જંગલ’ની આતુરતાથી રાહ જોવાઈ રહી છે. ‘વેલકમ’ ફ્રેન્ચાઈઝીની આ ફિલ્મના શૂટિંગ માટે મુંબઈમાં સેટ ઊભો કરાયો હતો. ભારે વરસાદના કારણે ફિલ્મના સેટને નુકસાન થયુ હતું, જેના કારણે શૂટિંગ રોકવુ પડ્યું છે. હાલ તો ફિલ્મની ટીમે સેટનું રીપેરિંગ શરૂ કર્યું છે. રિપોર્ટ્સ મુજબ, ધોધમાર વરસાદે જુલાઈ મહિનાના છેલ્લા અઠવાડિયામાં મુંબઈને ઘમરોળી નાખ્યુ હતું. મુંબઈમાં અક્ષય કુમારની આગામી ફિલ્મ વેલકમ ટુ ધ જંગલનો સેટ ઊભો કરવામાં આવ્યો હતો અને ઓગસ્ટના પહેલા વીકમાં શૂટિંગ શરૂ કરવાનોપ્લાન હતો. અક્ષય સહિત ૩૪ એક્ટર્સ આ સેટ પર હાજર રહેવાના હતા. સેટ પર ફિલ્મના એક ભવ્ય ગીતનું શૂટિંગ થવાનુ હતું. વરસાદના કારણે સેટને નુકસાન થયું છે અને સેટને ફરી બનાવવા કવાયત ચાલી રહી છે. ફિલ્મના ડાયરેક્ટર અહેમદ ખાને આ સ્થિતિ અંગે જણાવ્યું હતું કે, સેટ ફરી



બનાવવા ધમધોકાર કામ ચાલી રહ્યું છે અને સેટ બન્યાં બાદ તરત જ પ્રોડક્શન શરૂ કરવામાં આવશે. અક્ષય કુમારની આ બિગ બજેટ ફિલ્મ ૨૦૨૩માં એનાઉન્સ થઈ હતી અને કેટલાક મહિનાઓથી તેનું શૂટિંગ ચાલી રહ્યું છે. તેની ઝલક આપતો વીડિયો વીડિયો પણ શેર થયો હતો. ફિલ્મની કાસ્ટમાં અક્ષય કુમાર ઉપરાંત જેકલીન ફર્નાન્ડિઝ, અરશદ વારસી, સુનિલ શેટ્ટી, રવિના ટંડન, પરેશ રાવલ, લારા દત્તા, તુષાર કપૂર, શ્રેયસ તલપ ડે, જ્હોની લીવર, રાજપાલ યાદવ, કિકુ શારદા, દલેર મેંહદી, મિકા સીંગનો સમાવેશ થાય છે. આ ફિલ્મને ફિરોજ એ. નડિયાદવાલા પ્રોડ્યુસ કરી રહ્યા છે. દિગ્દર્શક અહેમદ ખાન અને નિર્માતા ફિરોઝ નડિયાદવાલાના વેલકમ ટુ ધ જંગલના સેટને નુકસાન થયું છે જેણે મુંબઈમાં ભારે વરસાદને કારણે શૂટ શેડ્યૂલને આંચકો આપ્યો છે. નિર્માતાઓએ ઓગસ્ટના પ્રથમ સપ્તાહથી તેમના મેરેથોન શેડ્યૂલને કિકસ્ટાર્ટ કરવા માટે એક વિશાળ સેટનું નિર્માણ કર્યું હતું જેમાં તમામ ૩૪ અગ્રણી કલાકારો સાથે ફિલ્મ માટે અન્ય ગીત રજૂ કરવામાં આવ્યા હતા. સમગ્ર ક્રૂ હાલમાં ફિલ્મના શૂટને ફરીથી શરૂ કરવા માટે વિશાળ સેટનું પુનઃનિર્માણ કરવા માટે દિવસ-રાત કામ કરી રહ્યું છે અને નિર્દેશક અહેમદ ખાને સેટ તૈયાર થતાંની સાથે જ શૂટિંગ શરૂ કરવાનો સર્જનાત્મક નિર્ણય લીધો છે.

# ઝાલોદમાં આંગણવાડીના ભૂલકાંઓએ તિરંગા યાત્રા યોજી "હર ઘર તિરંગા" અભિયાનમાં જોડાયા


તસ્વીર : પંકજ પંડિત, ઝાલોદ

। (પ્રતિનિધી) ઝાલોદ, તા.૧૦ ।

સમગ્ર રાજ્ય આજે હર ઘર તિરંગાના રંગે રંગાઈને આવનાર ૧૫ મી ઓગસ્ટની તૈયારી કરી રહ્યું છે ત્યારે આપણું દાહોદ પણ તેમાં પાછું પડ્યું નથી. અને તેમાંય વાત જો નાનકડાં ભૂલકાઓની આવે ત્યારે એમ થાય કે જો આ નાનકડાં ભૂલકાઓ કે જેઓ હજી શાળાના પગથિયાં માંડ ચડતા થયા છે તેઓ હર ઘર તિરંગા અભિયાનમાં પોતાની ભાગીદારી આપતાં હોય તો પછી આપણે કેમ નહીં..! દાહોદ જિલ્લાના ઝાલોદ તાલુકાની અલગ અલગ આંગણવાડીના નાના- નાના ભૂલકાંઓએ રાષ્ટ્રધ્વજને હાથમાં લઈ ગામમાં તિરંગા યાત્રા યોજી ગામલોકોને પણ આ અભિયાનમાં સ્વયંભૂ સહભાગી બનવા અપીલ કરી હતી, નાના ભૂલકાંઓએ રાષ્ટ્રધ્વજને હાથમાં લઈ ગામમાં તિરંગા યાત્રા યોજી ગામલોકોને પણ આ અભિયાનમાં સ્વયંભૂ સહભાગી બનવા અપીલ કરી હતી..

### મહિલા બોક્સર લિંગ વિવાદને લઈને ચર્ચામાં રહી

# અલ્જેરિયાની મહિલા બોક્સર ઈમાન ખલીફે ઓલિમ્પિકમાં ગોલ્ડ જીત્યો

। (પ્રતિનિધી) પેરીસ, તા.૧૦ ।

અલ્જેરિયાની મહિલા બોક્સર ઈમાન ખલીફ પેરિસ ઓલિમ્પિક ૨૦૨૪માં ગોલ્ડ મેડલ જીત્યો છે. ગયા શુક્રવારે ઈમાન ખલીફાએ મહિલાઓની ૬૬ કિગ્રા વજન વર્ગમાં ગોલ્ડ જીત્યો હતો.

અલ્જેરિયાની મહિલા બોક્સર લિંગ વિવાદને લઈને ઘણી ચર્ચામાં રહી હતી. ઈમાન ખલીફ પર બાયોલોજિકલ મેલ હોવાનો પણ આરોપ લગાવવામાં આવ્યો હતો. ઈમાને ચીનની યાંગ લિયુ સામેની ફાઈનલ મેચમાં ગોલ્ડ મેડલ જીત્યો હતો.

આંતરરાષ્ટ્રીય ઓલિમ્પિક સમિતિનું માનવું હતું કે તે તેમના માનકોમાં ખરી ઉતરી છે, જેના કારણે તેને સ્પર્ધામાં ભાગ લેવાની મંજૂરી આપવામાં આવી હતી. ઈમાન આખરે ગોલ્ડ મેડલ જીત્યો. પરંતુ નોંધનીય બાબત એ છે કે અલગ-અલગ મેચોમાં ભાગ લેનાર વિવિધ દેશોની મહિલા બોક્સરોએ ઈમાન વિરુદ્ધ અવાજ ઉઠાવ્યો હતો.

ઈમાન ખલીફએ ઈટાલીની બોક્સર એન્જેલા કેરિની સામે ૧૬મા રાઉન્ડની મેચ રમી હતી. ઈટાલિયન બોક્સરે થોડી જ સેકન્ડોમાં ઈમાન ખલીફ સામે ફાઈટ છોડી દીધી હતી અને તે રિંગમાંથી બહાર નીકળી ગઈ હતી. આ પછી ઈમાન ખલીફાએ ફાઈનલ સુધી તેની તમામ મેચો એકતરફી જીતી લીધી હતી.

ક્વાર્ટર ફાઈનલમાં ઈમાન ખલીફનો મુકાબલો હંગેરીની લ્યુકા અન્ના હામારી સામે થયો હતો. આ મેચમાં ઈમાન ખલીફએ ૫-૦થી જીત મેળવીને સેમિફાઈનલમાં જગ્યા બનાવી હતી. ત્યાર બાદ સેમિફાઈનલમાં અલ્જેરિયાના બોક્સરે થાઈલેન્ડના જાનજેમ સુવાન્નાફેંગને ૫-૦થી હરાવ્યું હતું.

સેમીફાઈનલમાં શાનદાર જીત નોંધાવનાર ઈમાન ખલીફએ ફાઈનલમાં પણ એકતરફી જીત મેળવી હતી.

ગોલ્ડ મેડલ માટે રમાયેલી ફાઈનલમાં ઈમાને ચીનની યાંગ લિયુને ૫-૦થી હરાવી હતી. આ રીતે તેણે વિવાદો વચ્ચે પેરિસ ઓલિમ્પિકમાં ગોલ્ડ જીત્યો હતો.

ઉલ્લેખનીય છે કે ઈમાન ખલીફાને ૨૦૨૩માં આયોજિત વર્લ્ડ બોક્સિંગ ચેમ્પિયનશિપમાંથી બહાર કરવામાં આવી હતી. ઈમાન ચેમ્પિયનશિપમાં જેન્ડર એલિજિબિલિટી માપદંડને પૂર્ણ કરવામાં નિષ્ફળ રહી હતી, જેના કારણે તેને બહાર થવું પડ્યું હતું.

# દિલ્હી, ગુજરાત-મહારાષ્ટ્ર સહિતના વિસ્તારોમાં વરસાદનું એલર્ટ અપાયું

### IMD એ પર્વતોમાં વાદળ ફાટવાનું એલર્ટ જારી કર્યું



। નવી દિલ્હી, તા.૧૦ ।

દિલ્હી-એનસીઆરમાં વરસાદે કોહરામ મચાવ્યો છે. એવું લાગી રહ્યું છે જાણે દિલ્હીમાં વરસાદ આફત બનીને વરસી રહ્યો છે. હવામાન વિભાગ (ૈંસ્ઢ) એ આગામી ૨૪ કલાકમાં દિલ્હી અને તેની આસપાસના વિસ્તારોમાં તેમાં પણ ખાસ કરીને ગાજીયાબાદ અને ગુરુગ્રામમાં ભારે વરસાદની શક્યાતા જણાવી છે. શુક્રવારે દિલ્હી સહિતના આસપાસના વિસ્તારોમાં ભારે વરસાદ થયો હતો. જેને કારણે રસ્તાઓ પર ઠેર-ઠેર પાણી ભરાયા હતા. હવામાન વિભાગે આગામી ૨૪ કલાકમાં અરુણાચલ પ્રદેશ, બિહાર, હિમાચલ પ્રદેશ, ઉત્તરાંખડ, પૂર્વી રાજસ્થાન અને પશ્ચિમ મધ્ય પ્રદેશના અલગ-અલગ વિસ્તારોમાં ભારેથી અતિભારે વરસાદની શક્યતા જણાવી છે. નાગાલેન્ડ, મણિપુર, મિઝોરમ અને ત્રિપુરા, અસમ, મેધાલય, ઉપ-હિમાલયી ક્ષેત્ર પશ્ચિમ બંગાળ અને સિક્કિમ, ઓડિશા, ઝારખંડ, જમ્મુ-કાશ્મીર, લદ્દાખ, પંજાબ, હરિયાણામાં અલગ-અલગ સ્થાનો પર ભારે વરસાદની સંભાવના છે. ત્યારે ચંદીગઢ, ઉત્તર પ્રદેશ, પશ્ચિમ રાજસ્થાન, પૂર્વી મધ્ય પ્રદેશ, કોંકણ, ગોવા, મધ્ય મહારાષ્ટ્ર અને ગુજરાતના વિસ્તારોમાં વરસાદનું એલર્ટ આપવામાં આવ્યું છે. અરસ સાગરની સાથે-સાથે ગુજરાતના આસપાસના વિસ્તારોમાં ભારે વરસાદની સાથે ૩૫ કિમી પ્રતિ કલાકથી ૪૫ કિમી પ્રતિ કલાકની ઝડપે પવન ફૂંકાવાની સંભાવના છે. સ્કાયમેટ વેધર અનુસાર ઓગસ્ટના બાકીના દિવસોમાં કેટલાક વિસ્તારોમાં સારો વરસાદ થવાની સંભાવના છે. તમને જણાવી દઈએ કે, ચોમાસાની ઋતુનો અડધો સમય પસાર થઈ ગયો છે. યુપીના પૂર્વ ભાગના બલિયા, ગાઝીપુર, દેવરિયા, આઝમગઢ, મહારાજગંજ, ચંદૌલી અને સંત કબીરનગર જેવા જિલ્લાઓમાં સારો વરસાદ થવાની સંભાવના છે. આ વિસ્તારોમાં સિઝનના અંત સુધીમાં જોવા મળેલી વરસાદની કમી સુધરી શકે છે. બિહાર અને ઉત્તર બંગાળમાં પણ ચોમાસાનો સારો વરસાદ પડી શકે છે. ૈંસ્ઢના જણાવ્યા અનુસાર ચોમાસું ટર્ફ દિલ્હી પર છે જેના કારણે પૂર્વી રાજસ્થાન, ઉત્તર પ્રદેશ, બિહાર, પશ્ચિમ બંગાળ, ઓરિસ્સા અને ઝારખંડના ઘણા ભાગોમાં ભારે વરસાદની સંભાવના છે. ૈંસ્ઢ એ પર્વતીય વિસ્તારોમાં વાદળ ફાટવાનું એલર્ટ જાહેર કર્યું છે.

# બ્રાઝિલમાં થયેલી મોટી પ્લેન દુર્ઘટનામાં ૬૧ લોકોના મોત

। (પ્રતિનિધી) બ્રાઝિલ, તા.૧૦ ।

બ્રાઝિલના સાઓ પાઉલો રાજ્યમાં એક પ્લેન ક્રેશ થયું છે. પ્લેનમાં સવાર બધા જ ૬૧ લોકોના મોત થઈ ગયા છે. વોએપાસ એરલાઈનનું આ ઘટના અંગે કહેવું છે કે ટ્વીન ઈંજીન ટર્બોપ્રોપ પ્લેન દક્ષિણી રાજ્ય પરાનાના કાસ્કેવેલથી સાઓ પાઉલો શહેરના ગ્લારુલહોસ એરપોર્ટ માટે ઉડાન ભરી રહ્યું હતું તે સમયે પ્લેન વિન્હેડો શહેરમાં ક્રેશ થઈ ગયું. જાણવા મળતી માહિતી અનુસાર ૭૨-૫૦૦ વિમાનમાં ૫૭ યાત્રી અને પાયલોટ સહિત ૪ ક્રુ મેમ્બર્સ હતા. સ્થાનીય અધિકારીઓનું કહેવું છે કે આ ઘટનામાં કોઈ જીવિત નથી બચ્યું. બ્રાઝીલમાં થયેલી પ્લેન દુર્ઘટનાનો વીડિયો પણ સોશિયલ મીડિયા પર વાયરલ થયો છે. જેમાં જોવા મળે છે કે પ્લાન નિયંત્રણ ગુમાવી રહેણાક વિસ્તાર નજીક ક્રેશ થયું હતું. આ ઘટનામાં એક પણ વ્યક્તિ જીવિત બચી નથી. પ્લેન ક્રેશ થવાના કારણે એક ઘર પણ ક્ષતિગ્રસ્ત થયું છે.

# ઝાલોદ એસ.ટી બસ સ્ટેશન ખાતે હર ઘર તિરંગા અંતર્ગત કાર્યક્રમ યોજાયો


તસ્વીર : પંકજ પંડિત, ઝાલોદ

। (પ્રતિનિધી) ઝાલોદ, તા.૧૦ ।

ઝાલોદ એસ.ટી ડેપોના મેનેજર નિલેશ મુનિયા દ્વારા ગુજરાત રાજ્ય માર્ગ વાહન વ્યવહારની બસોમાં તિરંગો લગાવવા તેમજ મુસાફરોને સ્વતંત્રત દિવસની ઉજવણીના ભાગરૂપે તિરંગા રાષ્ટ્રધ્વજની વહેંચણી કરવામાં આવી હતી. તેમજ મુસાફરો અને એસ.ટી ડેપોની ગાડી પર તિરંગો લગાવવા માટે અપીલ કરવામાં આવી હતી. આ પ્રસંગે ડેપો મેનેજર નિલેશ મુનિયા તેમજ અન્ય સ્ટાફ ઉપસ્થિત રહ્યા હતા. હર ઘર તિરંગા અંતર્ગત દરેક ભારતીયના દિલમાં રાષ્ટ્ર પ્રત્યેની ભાવના વધુ મજબૂત થાય તેમજ આવનારી નવી પેઢીમાં રાષ્ટ્ર પ્રત્યે સદભાવના અને પ્રેમ રહે તે હેતુથી ભારત સરકાર દ્વારા દરેક સરકારી ઓફિસ તેમજ રાજ્ય, જિલ્લા, તાલુકા લેવલે ઉજવણી કરવામાં આવી રહેલ છે.

# નકલી સાધુઓના વેશમાં ફરી રહેલા બદમાશો ઝડપાયા

। (પ્રતિનિધી) લખનઉ, તા.૧૦ ।

ઉત્તર પ્રદેશની રાજધાની લખનઉમાં સાધુનો વેશ ધારણ કરીને લૂંટ અને છેતરપિંડીનો પ્રયાસ કરવાનો મામલો બહાર આવ્યો છે. જ્યારે ગ્રામજનોને છેતરપિંડી થતી હોવાની આશંકા પડી, ત્યારે સાધુનો ઢોંગ કરી રહેલા બદમશોને લાતો અને મુક્કાઓ વડે નિર્દયતાથી માર મારવામાં આવ્યો હતો. આ ઘટનાનો વીડિયો હાલ સોશિયલ મીડિયા પર વાયરલ થઈ રહ્યો છે. પોલીસે આરોપી યુવકોને કસ્ટડીમાં લઈ તપાસ શરૂ કરી છે.

આ તમામ યુવાનો સાધુનો વેશ ધારણ કરીને ગામમાં ફરતા હતા. પહેલા તો ગામલોકોને લાગ્યું કે, તેઓ સાધુ છે, પરંતુ જ્યારે ગ્રામજનોએ તેમની પૂછપરછ કરી તો તેઓ સાચા જવાબો આપી શક્યા નહીં. રોષે ભરાયેલા ગ્રામજનોએ તેમના પર છેતરપિંડીનો આરોપ લગાવ્યો અને તેમને ચપ્પલ-ચપ્પલ વડે માર માર્યો.

ઢઝ્રઁ સાઉથ તેજ સ્વરૂપ સિંહે પણ આ ઘટના અંગે નિવેદન જાહેર કર્યું છે. તેમણે જણાવ્યું હતું કે, લખનઉના ગોસાઈગંજ પોલીસ સ્ટેશન વિસ્તારના સરાઈયા મહુરા ગામમાં સાધુના વેશમાં ફરતા અડધો ડઝન યુવાનોને બંધક બનાવીને માર મારવામાં આવ્યો છે. ગામલોકોને સૌપ્રથમ ખબર પડી કે આરોપીઓ સપેરાઓ છે, પરંતુ તેઓ સાધુના વેશમાં લોકોને છેતરતા હતા. સાધુના વેશમાં ફરતા તમામ આરોપીઓ હિન્દુ છે. આ તમામ મેરઠના રહેવાસી છે. આ તમામ શનિવારે સવારે લગભગ ૯ વાગ્યે સાધુના વેશમાં ઝડપાઈ ગયા હતા.

